Sagarpankhi (Gujarati)

Richard Bach

VISIT...

LANZAROTE Caliente.COM

#1 આંતરરાષ્ટ્રીય બેસ્ટસેલર



સાગરપંખી

જોનાથન લિવિંગ્સ્ટન સીગલ



આકાશ પામવા ઝંખતી
જિંદગીની કથા



રિચર્ડ બાક



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

આ એવી વ્યક્તિઓ માટેની કથા છે...

જે પોતાના હૃદયને અનુસરે છે અને પોતાના નવા નિયમો ઘડે છે... જે પોતાના માટે કંઈક સારું કરવામાં પણ ખાસ પ્રકારનો આનંદ અનુભવે છે... જે જાણે છે કે આંખ જે જુએ છે તેનાથી આગળ પણ જીવનનો વ્યાપ વિસ્તરેલો છે, જેઓ જોનાથનની જેમ વધારે ઊંચી અને વધારે ઝડપી ઉડાન ભરવા માગે છે.

સાગરપંખી

જોનાથન
લિવિંગ્સ્ટન
સીગલ

રિચર્ડ બાક

તસવીરકાર: રસેલ મુનસન

અનુવાદ: સોનલ પરીખ



SAGARPANKHI

Gujarati Translation of Timeless Bestseller
Jonathan Livingston Seagull
Originally written in English by Richard Bach
Translated into Gujarati by Sonal Parikh
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2013
EISBN: 978-93-81336-62-5

પ્રથમ આવૃત્તિ: ઑક્ટોબર, ૨૦૧૨
પુનર્મુદ્રણ: ઑગસ્ટ, ૨૦૧૩

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Visit us at: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

આપણા સૌમાં જીવતા
વાસ્તવિક સાગરપંખીને...

અનુક્રમ

ભાગ-૧

ઊઘડતું આકાશ



સવાર પડી. નવોદિત સૂર્ય શાંત સાગરની લહેરો પર રતાશભર્યું સોનું વિખેરી રહ્યો હતો.

કિનારાથી એકાદ માઈલ દૂરનાં પાણીમાં માછીમારોની એક નૌકા જરા ગતિમાન થઈ અને એના આછા અવાજથી દૂર દૂર સુધીની હવા કંપિત થઈ. હજારો સાગરપંખીઓનું એક ટોળું નાસ્તાની શોધમાં દરિયાકાંઠે ઊતર્યું. પેટ ભરવા માટે પડાપડી અને ઊડાઊડ શરૂ થયાં. રોજિંદા જીવનસંઘર્ષ સાથે ફરી એક દિવસ શરૂ થયો.

પરંતુ આ બધાથી, હોડીથી અને દરિયાથી દૂર જોનાથન લિવિંગ્સ્ટન નામનું સાગરપંખી ઊંચે ઊડવાનો સ્વાધ્યાય કરી રહ્યું હતું. દૂરના એ આકાશમાં એ એકલું જ હતું. લગભગ સો ફૂટની ઊંચાઈએ ઊડતાં એણે પોતાનો નાનકડો, પાતળી ચામડીથી જોડાયેલા આંગળાવાળો પગ નીચો કર્યો, ચાંચ ઉપર ઉઠાવી અને પાંખો વડે એક મુશ્કેલ અને કષ્ટદાયક વળાંક લેવાનો અથાગ પ્રયત્ન કર્યો. આવો વળાંક લેવામાં ગતિ ધીમી હોવી જોઈએ. એણે પોતાની ઝડપ બને તેટલી ઘટાડી. પવનના તરંગો તેના મોં પર અથડાઈ ધીમો ગુંજારવ કરતા હતા. છેવટે એ સાગરની શાંત સપાટી પર ઊડી રહ્યું હતું. આંખો ઝીણી કરી, શ્વાસ રોકી એણે ફક્ત એક ઈંચ જેટલો વધારે વળાંક લેવાની જોરદાર કોશિશ કરી. અચાનક એનાં ફેલાયેલાં પીંછાં સંકેલાઈ ગયાં અને સંતુલન ગુમાવી એ

પછડાઈ પડ્યું.

સૌ જાણે છે કે સાગરપંખી કદી એમ સંતુલન ન ગુમાવે, કદી પછડાઈ ન પડે. આમ હવામાં ફંગોળાઈ જવું અને કાબૂ ખોઈ બેસવો તેનાથી મોટી માનહાનિ બીજી કઈ હોઈ શકે?

પણ તેમ છતાં જોનાથન લિવિંગ્સ્ટન નામના આ સાગરપંખીને બિલકુલ સંકોચ ન થયો. તેણે તો ફરી પોતાની પાંખો ખોલી, ખેંચી અને મુશ્કેલ વળાંક લેવાની મથામણ આદરી. ફરી તેણે ગતિ ધીમી કરી, વધુ ધીમી કરી અને ફરી પાછું તે કાબૂ ગુમાવીને પછડાયું. આ પંખી સાચે જ નોખી માટીનું બનેલું હતું.

મોટા ભાગનાં સાગરપંખીઓ માટે ઊડતાં શીખવું એટલે કાંઠા પરથી જરા ઊંચે ઊડી ખાવાનું મેળવવું અને પછી પાછા કાંઠે આવી જવું. તેમને માટે ઊડવાનું મહત્ત્વ નહોતું, મહત્ત્વ પેટ ભરવાનું હતું. જોનાથન માટે આનાથી ઊંધું હતું. તેને માટે મહત્ત્વ ઊડવાનું હતું, પેટ ભરવાનું નહીં. દુનિયાની તમામ બાબતો કરતાં ઊડવાનું તેને વધારે પ્રિય હતું. જોનાથન જાણતો હતો કે તેના આવા વિચારો બીજાં સાગરપંખીઓને ખાસ ગમતા નહીં. જોનાથનનાં માતાપિતાને પણ જોનાથન આ રીતે આખો દિવસ જુદી જુદી રીતે ઊડવાના પ્રયોગોમાં રચ્યોપચ્યો રહે એ ચિંતાજનક લાગતું.

જેમ કે, જ્યારે એ પોતાની પાંખોના વર્તુળ કરતાં અડધી ઊંચાઈએ પાણીની સપાટી પર ઊડતો ત્યારે તે હવામાં વધુ વખત સ્થિર રહી શકતો. આનું કારણ તે જાણતો નહોતો અને જ્યારે એ ધીરેથી નીચે ઊતરતો ત્યારે પાણીમાં 'છપાક્' અવાજ સાથે છાંટા ઉડાડવાને બદલે એ પાણીની સપાટીને સ્પર્શી, શરીરની સમાંતરે પગના પંજા પાણીની સપાટી પર અડકવા દઈ લાંબે સુધી પાણી પર સરકતો. જ્યારે તેણે કાંઠાની રેતી પર આ પ્રકારનું ઉતરાણ કર્યું ત્યારે તેને રેતી પર ઢસડાતો જોઈ તેનાં માતાપિતા ભારે દુ:ખી થયાં.

"જૉન, મારા દીકરા, તું આપણી જાતનાં બીજાં પંખીઓ જેવો કેમ નથી? આ રીતનું ઊડવાનું કામ તો પૅલિકન કે આલ્બાટ્રોસ જેવાં પંખીઓનું. તું ખાઈ-પીને મજા કરને. તારું શરીર તો જો, જાણે હાડકાં પર વીંટાયેલાં પીંછાં!" જોનાથનની માએ તેને પાસે બેસાડી સમજાવ્યો.

"મા, મને એવા શરીરનો બિલકુલ વાંધો નથી. મારે તો એ જાણવું છે કે હવામાં હું શું કરી શકું ને શું નહીં. બસ, મારે એ જાણવું જ છે."

"જરા સમજ, જોનાથન." હવે તેના પિતાએ સમજાવટના સૂરે કહ્યું, "શિયાળો આવવાની તૈયારી છે. હોડીઓ ઓછી થઈ જશે. માછલીઓ પણ ધીરેધીરે ઊંડા પાણીમાં ચાલી જશે. તારે જાણવું જ હોય તો એ જાણ. કેવી રીતે ખોરાક મેળવવો તે શીખ. આ તારું ઊડવાનું એમ તો સારું છે, પણ ઊડીને કંઈ પેટ ન ભરાય, એ તો સમજાય છે ને? ઊડવાનું આખરે શાના માટે – ખોરાક મેળવવા માટે – આ કદી ભૂલીશ નહીં."

જોનાથને આજ્ઞાંકિતભાવે માથું હલાવ્યું. થોડા દિવસ તેણે બીજાં સાગરપંખીઓની જેમ રહેવા પ્રયત્ન કર્યો. કાંઠા પર બાંધેલા નાના બંધ અને હોડીઓની આસપાસ ફેંકાયેલો ખોરાક અને માછલીઓ મેળવવા ઘૂમરાતાં અને ઝઘડતાં સાગરપંખીઓનાં ટોળાંમાં એ પણ જોડાયો, પણ આખરે તે થાક્યો, કંટાળ્યો.

આ તે શી અર્થ વગરની માથાકૂટ – તેણે વિચાર્યું. માંડમાંડ કંઈક ખાવાનું મળ્યું હોય તે પણ પાછળ આવતાં ભૂખ્યાં વયોવૃદ્ધ પંખીઓ માટે પડતું મૂકી દેવાનું. એટલો વખત


ઊડવામાં કાઢ્યો હોત તો કેટલી નવી વાતો શીખવા મળી હોત. સાચે જ, કેટલું બધું શીખવા જેવું છે જિંદગીમાં!

જોનાથન ફરી આ બધાથી દૂર ચાલ્યો ગયો. કાંઠાથી દૂર, ઊંચા આકાશમાં – ભૂખ્યો પણ પ્રસન્ન અને ઉત્સુક.

તેનું ધ્યેય ગતિ પ્રાપ્ત કરવાનું હતું. એક અઠવાડિયાના પરિશ્રમ પછી તે સાગરપંખીઓની જમાતમાં ઝડપ વિશે કોઈનાય કરતાં વધારે જાણતો થઈ ગયો હતો.

એક હજાર ફૂટની ઊંચાઈએથી પાંખોને શક્ય તેટલી ઝડપથી ફફડાવી દરિયાનાં મોજાંની દિશામાં તે વીજળીવેગે ઝંપલાવી દેતો. સાગરપંખીઓ પણ આવું વિદ્યુતવેગી ઉતરાણ કંરતાં કેમ નહોતાં શીખી શકતા તે પણ તેને સમજાયું. ફક્ત છ સેકન્ડમાં એની ગતિ કલાકના સિત્તેર માઈલની થઈ જતી. જળપંખીઓ માટે આ ઝડપે પહોંચવું અત્યંત અઘરું છે. પવનના જોરમાં એમની પાંખો સમતોલન સાચવી શકતી નથી.

શરૂઆતમાં જોનાથનનું પણ તેમ જ થતું. તે ખૂબ સાવધ અને એકાગ્ર રહેતો અને પોતાની બધી જ શક્તિ વાપરતો છતાં ગતિના આ બિંદુ પર એ સમતોલન ગુમાવી બેસતો.







પહેલાં તો એક હજાર ફૂટનું આકરું ચઢાણ. બધી શક્તિ પાંખોમાં ભેગી કરી જમીનથી અધ્ધર થવાનું, હવાના જથ્થાને પાછળ ધકેલવાનો અને એક હજાર ફૂટ પર સ્થિર થઈ, પાંખો વીંઝી હવામાં સીધી ડૂબકી મારવાની. દરેક વખતે એની ડાબી પાંખ પવનના જોરથી બિડાઈ જતી અને એ ગડથોલું ખાઈ જતો. ફરી સીધા થવા એ જમણી પાંખ ફફડાવતો અને તેનું શરીર હવામાં ગોળ ગોળ ઘૂમતું આગના ગોળાની જેમ જમીન તરફ ધસી જતું.

એ ક્ષણે એ પોતાને સંભાળી ન શકતો. જેટલી વાર તે પ્રયત્ન કરતો તેટલી વાર સિત્તેર માઈલની ઝડપે પહોંચ્યા પછી એની પાંખ બિડાઈ જ જતી એ વીજળીવેગે પાણીમાં પછડાઈ જતો.

શરીર પરથી પાણી ટપકતું અને એ વિચારતો, આવું કેમ થાય છે? આનો ઉપાય શો? એને થયું હજી ઝડપ વધારવી. પચાસ માઈલની ઊંચાઈ પર પહોંચવું અને પછી પાંખોને સ્થિર કરવી. ઝડપ વધારવી અને પાંખોને પૂર્ણ નિયંત્રણ સાથે નિશ્ચિત બિંદુએ સ્થિર કરવી. હા, આ જ રસ્તો હતો.

બે હજાર ફૂટની ઊંચાઈએથી હવે તેણે પ્રયોગ કર્યો. ઊંચાઈના એ બિંદુ પરથી તેણે હવામાં ડૂબકી મારી. નીચેની દિશામાં ચાંચ રાખી બંને પાંખો સીધી ફેલાવી હવાના થરોને કાપતાં તેણે કલાકના પચાસ માઈલની ગતિ પ્રાપ્ત કરી. આમાં તેને ખૂબ બળ વાપરવું પડ્યું, પણ અંતે એ સિદ્ધ થયું. બીજી દસ સેકન્ડમાં એની ગતિ નેવું માઈલની થઈ ગઈ. સાગરપંખીઓની ગતિના આજ સુધીના તમામ વિશ્વવિક્રમો જોનાથને તોડ્યા!

પણ વિજયનો ઉન્માદ ઝાઝું ટક્યો નહીં. જેવો એ પાંખોની દિશા બદલવા ગયો, ફરી એ જ પાંખોનું સમેટાઈ જવું, ફરી એ જ બેકાબૂ વિદ્યુતવેગી પછડાટ. કલાકના નેવું

માઈલની ઝડપે લાગેલી આ પછડાટ એક વિસ્ફોટ જેવી ભયાનક હતી. હવાની વચ્ચે જ જોનાથન ફટાક દઈને ફંગોળાયો અને દરિયાની સપાટી પર ભયંકર રીતે પછડાયો.


જોનાથનને જ્યારે ભાન આવ્યું ત્યારે ધરતી પર અંધારું ઊતરી ચૂક્યું હતું. ચાંદનીના મંદ ઉજાસમાં જોનાથન પાણીની સપાટી પર તરતો રહ્યો. તેની પાંખો અત્યંત વજનદાર થઈ ગઈ હતી, પણ નિષ્ફળતાનો ભાર તો એથી પણ વધારે હતો. તેને થયું, પાંખોનું આ વજન તેને દરિયાને તળિયે ડુબાડી દે તો સારું. બસ, બધું પૂરું થઈ જાય!

એ ડૂબવાની તૈયારીમાં જ હતો ત્યાં તેને પોતાની જ અંદરથી એક અજાણ્યો અવાજ સંભળાયો, "આનો કોઈ ઇલાજ નથી. હું એક સાગરપંખી છું. મારે મારી પ્રાકૃતિક મર્યાદાઓથી બંધાવું જ રહ્યું. જો મારા ભાગ્યમાં ઊડવાની કળા વિશે વધારે જાણવાનું લખાયું હોત તો ઈશ્વરે મને એવી બુદ્ધિ પણ આપી હોત. જો મારા નસીબમાં ઝડપની સિદ્ધિ લખાઈ હોત તો ઈશ્વરે મને બાજ જેવી નાની પાંખો આપી હોત અને માછલીને બદલે ઉંદરનું ભક્ષણ કરતાં શીખવ્યું હોત. મારા પિતા સાચું જ કહેતા હતા: આ બધી મૂર્ખાઈની વાતો મારે છોડવી જ રહી. મારે મારા ઘરે પાછું વળવું જોઈએ અને હું જે છું તેમાં – એક સાગરપંખીની સીમાઓમાં જે છે તેનાથી સંતોષ પામવો જોઈએ."

અવાજ ધીમો થતો ગયો. જોનાથન એની સાથે સંમત થયો હતો. સાગરપંખીનો રાતવાસો સમુદ્રકાંઠે હોય. આકાશમાં કે દરિયાની મધ્યમાં નહીં. બીજી જ ક્ષણે એણે સંકલ્પ કર્યો કે હવે પોતે સામાન્ય સાગરપંખી તરીકે જીવશે. તેને થયું, બીજા બધા પણ આ નિર્ણયથી ખુશ થશે.

તેણે પોતાના થાકેલા શરીરને સપાટીની ઉપર માંડમાંડ ઊંચું કર્યું અને તે જમીન તરફ ઊડ્યો. પરિશ્રમ બચાવતા ઓછી ઊંચાઈના ઉડ્ડયનોની સ્મૃતિથી તેનું હૃદય હળવાશથી છલકાતું હતું.

નહીં, નહીં. તેણે વિચાર્યું, હું જે હતો તે બધું શું પૂરું થઈ ગયું? હું જે શીખ્યો તે શું નકામું નીવડવાનું? હવે અન્ય સાગરપંખીઓ અને મારામાં કશો ફરક નહીં રહે? હું એમના જેટલું જ ઊડી શકીશ, વધારે સહજે પણ નહીં? દ્વિધામાં અટવાતો તે માંડ સો ફૂટ ઊંચે ઊડ્યો અને કાંઠે પહોંચવા બળપૂર્વક પાંખો ફફડાવી.



બીજાં સાગરપંખીઓ જેવું જ જીવવાનો પોતાનો નિર્ણય એને સંતોષ આપતો હતો. નવું નવું શીખવા તરફ ખેંચાવાની કોઈ પીડા નહીં. ન કોઈ પડકાર, ન કોઈ પરિશ્રમ, નિષ્ફળતાનો કોઈ ડર નહીં. ન વિચારોનો ભાર. મધદરિયાના અંધકારમાંથી કિનારાના આછા ઉજાસ તરફ ઊડવું કેટલું સુંદર હતું, કેવું સુખદ હતું!

'અંધકાર!' અંદરના ખાલીપાએ એને ફરી ચેતવણી આપી: સાગરપંખી અંધારામાં કદી ન ઊડે. જોનાથને તેના પર ધ્યાન ન આપ્યું. 'કેવું સુંદર!' તેણે વિચાર્યું – ચંદ્રનું પ્રતિબિંબ અને ચાંદની પાણીની સપાટી પર ચમકતાં હતાં. જાણે નાની નાની દીવાદાંડીઓ તેજલિસોટા વેરતી ન હોય! સમગ્ર વાતાવરણ અદ્‌ભુત શાંત હતું. સમય જાણે સ્થિર થઈ ગયો હતો.

પાછો ફર. સાગરપંખીઓ કદી અંધકારમાં ન ઊડે. જો તારા ભાગ્યમાં રાત્રે ઊડવાનું લખાયું હોત તો ઈશ્વરે તને ઘુવડ જેવી નજર આપી હોત, એ પક્ષીઓ જેવું મગજ આપ્યું હોત, બાજ જેવી નાની પાંખો આપી હોત.

નમતી ઘેરી રાત્રિએ, હવામાં સો ફૂટ ઊંચે ઊડતો સાગરપંખી જોનાથન એ ક્ષણે તેની બધી પીડા, તેના બધા સંકલ્પ ભૂલી ગયો. એ સાંભળતો નહોતો. તેણે આંખો પટપટાવી.

ટૂંકી પાંખો – બાજ જેવી ટૂંકી – નાની પાંખો!

તો આ છે જવાબ – હું પણ કેટલો મૂર્ખ છું. મારે જેની જરૂર છે તે આ જ છે – નાની, ટૂંકી પાંખો. મારી લાંબી પાંખોને જેમ બને તેમ વધારે સંકેલીને હું ઊડીશ. ફક્ત પાંખના છેડા વડે, પાંખના છેલ્લા ખૂણા વડે. બસ. – ટૂંકી પાંખો!

અંધારઘેર્યા અતાગ સમુદ્ર પરથી તે બે હજાર ફૂટ ઊંચે ચડ્યો. નિષ્ફળતા કે મૃત્યુનો વિચાર સરખો કર્યા વિના. તેણે પાંખોના આગળના ભાગને શરીરસરસો સંકેલ્યો. પાંખના ટૂંકા સાંકડા થતા જતા છેડા ફક્ત બહાર રહ્યા અને હવામાં લંબાયા અને તેણે ઊંધા માથે હવામાં ઝંપલાવ્યું.

માથા પાસે પવન ભયંકર સુસવાટા મારતો હતો. જોનાથનની ગતિ હતી કલાકના સિત્તેર માઈલ. પછી તો તેની ગતિ વધતી ગઈ – નેવું માઈલ, એકસો વીસ માઈલ – ગતિ વધતી જ જતી હતી. હવે તેણે કલાકના એકસો ચાલીસ માઈલની ગતિ પકડી, પણ પહેલાં જે થાક તેને સિત્તેર માઈલની ગતિ પર લાગતો હતો તે અત્યારે એકસો ચાલીસ માઈલની ગતિ પર પણ નહોતો લાગતો. પોતાની પાંખોના છેડાને એક સુંદર વળાંક દઈ, સહેજ અમથા વાળી તે સરળતાથી સપાટી પર ઊતર્યો. એક ડૂબકી ખાઈ તે બહાર આવ્યો અને પાણીમાં તરી રહ્યો. ચાંદનીના પ્રકાશમાં તેનું શરીર ભૂખરા તોપગોળા જેવું લાગતું હતું.

મોઢા પર પવન અથડાતો હતો. તેણે આંખોને ઝીણી કરી. એ આનંદથી ઊભરાતો હતો. કલાકના એકસો ચાલીસ માઈલ! તે પણ પૂરા નિયંત્રણ સાથે. જો હું બેના બદલે પાંચ હજાર ફૂટની ઊંચાઈએથી ઝંપલાવું તો ઝડપ કેટલી વધે?

થોડી ક્ષણો પહેલાં તેણે જે વિચારો કર્યા હતા, જે સંકલ્પો લીધા હતા તે તમામ ભુલાઈ ગયા – જાણે હવાના પ્રબળ વેગમાં તણાઈ ગયા. થોડી વાર પહેલાં પોતાની જાતને જે વચનો આપ્યાં હતાં તે તેણે અત્યારે તોડી નાખ્યાં હતાં, છતાં તે અપરાધભાવ અનુભવતો નહોતો. આવાં વચનો તો સામાન્ય પક્ષીઓ માટે જેઓ સામાન્યતામાં જ જીવે છે તેમને માટે હોય. જ્ઞાનનાં ઉચ્ચ શિખરો સર કરનારને આ પ્રકારનાં વચનની કોઈ જરૂર રહેતી નથી.

સૂર્યોદય થતામાં તો જોનાથને ફરી સ્વાધ્યાય શરૂ કર્યો. પાંચ હજાર ફૂટની ઊંચાઈએથી હોડીઓ ઘેરાં-ભૂરાં જળના પટ પર સફેદ ટપકાં જેવી લાગતી હતી. ખાવાનું શોધતું પંખીઓનું જૂથ ઘૂમરી ખાતા રજકણોના આછા વાદળ જેવું દેખાતું હતું.

તેનામાં ચેતનભર્યો પ્રાણ ફૂંકાયો હતો. આનંદના આવેગથી તે સહેજ સહેજ કંપતો હતો. પોતે ભય પર કાબૂ મેળવ્યો હતો તે બદલ તેને ગર્વની લાગણી થતી હતી. ત્યાર પછી કોઈ વિધિ કર્યા વિના, સ્વાભાવિકતાથી તેણે પાંખોને શરીરસરસી વાળી, પાંખના છેડાનો કોણાકાર હવામાં લંબાવ્યો અને દરિયા તરફ બેધડક ઝંપલાવ્યું. ચાર હજાર ફૂટ કાપ્યા ત્યાં સુધીમાં તેનો પ્રવેગ ભયાનક રીતે વધી ગયો. હવા જાણે સૂસવતી નક્કર દીવાલ બની ગઈ. આ દીવાલ સોંસરો તે વધારે ઝડપ પકડી શકે તેમ નહોતો. તે સીધો જ નીચેની તરફ ઊડતો હતો, કલાકના બસો ચૌદ માઈલની ઝડપે. તેણે આનંદનો ઘૂંટ ગળે ઉતાર્યો. તે જાણતો હતો કે આ ઝડપે જો તેની પાંખો ફેલાઈ જાય તો તેના ફૂરચેફૂરચા ઊડી જાય. પીંછું પણ હાથમાં ન આવે – પણ તેને ડર ન હતો. ગતિનું સામર્થ્ય, ગતિનો આનંદ, ગતિની શુદ્ધ સુંદરતા તે છલોછલ માણી રહ્યો.

એક હજાર ફૂટની ઊંચાઈ પર આવતાં તેણે પોતાની પાંખો સહેજ ફેલાવી. પાંખો સાથે પવનના પ્રચંડ મોજાં અથડાતાં હતાં. પરિણામે પાંખો પણ પૂરી દેખાતી નહોતી. હોડીઓ અને ખાવાનું શોધતાં પક્ષીઓનું ટોળું એને દેખાયાં.

તે પોતાને રોકી શક્યો નહીં. અંધાધૂંધ ગતિમાં કેવી રીતે, કઈ તરફ વળવું એ તેને સમજાયું નહીં, પણ જો અથડાઈ પડ્યો તો મોત નક્કી હતું.

તેણે આંખો મીંચી દીધી.

એ સવારે એક અદ્‌ભુત ઘટના બની. સૂર્ય હજી હમણાં જ ઊગ્યો હતો – જોનાથન લિવિંગ્સ્ટન, ખાવાનું શોધવા ઊડતાં પક્ષીઓનાં ટોળાં સોંસરો તીરની જેમ પસાર થઈ ગયો. તેની ઝડપ હતી કલાકના બસો બાર માઈલ. તેની આંખો બંધ હતી, પવન અને પીંછાનાં ગર્જનતર્જન વચ્ચેથી તે વાદળમાંથી વીજ સરે તેમ સરી ગયો. દેવોએ આશીર્વાદ વરસાવ્યા. એક પણ પક્ષી ઈજા પામ્યું નહોતું.

પોતાની ચાંચને તેણે આકાશ તરફ સીધી કરી ત્યારે તેની પાંખો એકસો સાઠ માઈલની ઝડપે પસાર થતી હવાના ઘર્ષણથી જલતી હતી. ઝડપ ઘટાડતાં તે જ્યારે કલાકના વીસ માઈલની ગતિ પર પહોંચ્યો ત્યારે તેણે પાંખોને પૂરી ફેલાવી. ચાર હજાર ફૂટ નીચે સમુદ્રની સપાટી પર તરતી હોડીઓ નાનાં કણો જેવી દેખાતી હતી.

વિજયનો ઉન્માદ તેની રગેરગમાં વ્યાપી ગયો. ઝડપની તમામ સીમાઓ તેણે પાર કરી હતી. એક સાગરપંખી કલાકના બસો ચૌદ માઈલની ઝડપે ઊડે! તેણે તમામ વિક્રમો તોડ્યા હતા, સાગરપંખીઓનાં ઇતિહાસની આ અનન્ય સુવર્ણક્ષણ હતી. જોનાથનને લાગ્યું જાણે એક નવા યુગનો આરંભ થઈ રહ્યો છે. આ નવા યુગમાં નવી આશા સાથે આઠ હજાર ફૂટની ઊંચાઈએથી હવામાં ડૂબકી મારતી વખતે પાંખો કેવી રીતે સમેટવી ને કયા વળાંક પર ખોલવી એનો એકનિષ્ઠ અભ્યાસ તેણે આદર્યો અને થોડા જ વખતમાં એણે કુશળતા મેળવી લીધી.

તેણે શોધ્યું કે અત્યંત ગતિમાન અવસ્થામાં પીંછાની એક ટોચ એકાદ ઈંચ જેટલું પણ ખસે તો અદ્‌ભુત કલાત્મક વળાંક લઈ શકાય છે, પરંતુ એ પહેલાં તેને એ પણ સમજાયું કે એ ગતિએ એક કરતાં વધારે પીંછાંનું હલનચલન બંદૂકમાંથી છૂટેલી ગોળીની જેમ ધરાશાયી પણ કરી શકે. જોનાથનની પહેલાં દુનિયાના કોઈ સાગરપંખીએ હવામાં અંગ-કસરતના દાવ કદી ખેલ્યા નહોતા.

તે દિવસે તેણે કોઈની સાથે વાત કરવામાં જરા પણ સમય બગાડ્યો નહીં. સૂર્યાસ્ત પછી પણ તે ઊડતો રહ્યો. તે જુદા જુદા પ્રકારે હવામાં ડૂબકીઓ મારવાનું કૌશલ્ય કેળવી


રહ્યો હતો.

જોનાથન જ્યારે પોતાના ટોળામાં પાછો ફર્યો ત્યારે ધરતી પર રાતનાં અંધારાં ઊતરી ચૂક્યાં હતાં. તે ખૂબ થાકી ગયો હતો અને તેને સખત ઊંઘ આવતી હતી. છતાં આનંદભેર તેણે હવામાં ચોગડાનો આકાર સર્જતું ઉતરાણ કર્યું. ઊતરતી વખતે, જમીનને સ્પર્શતાં પહેલાં તેણે સુંદર રીતે હવામાં ઘૂમરી લીધી. તે વિચારતો હતો કે બધા આ સિદ્ધિ વિશે જાણશે ત્યારે આશ્ચર્યચકિત થઈ જશે – તેણે વિચાર્યું – ફક્ત આશ્ચર્યચકિત નહીં, આનંદવિભોર પણ થઈ જશે. જીવનમાં હજી તો કેટલું બધું સિદ્ધ કરવાનું છે! માછીમારોની હોડીઓની આસપાસ ચકરાવા મારવા અને માછલાં પકડવા ઉપરાંત પણ જીવનમાં કેટલું બધું કરવાનું હોઈ શકે! અજ્ઞાનના ઘેરામાંથી આપણે ઉપર ઊડી શકીએ, શ્રેષ્ઠતા અને કૌશલ્યોથી પરિપૂર્ણ બુદ્ધિમાન અસ્તિત્વો તરીકે વિકસી શકીએ, આપણે મુક્ત થઈ શકીએ! આપણે સાચા અર્થમાં ઊડતાં શીખી શકીએ!









આવનારાં વર્ષો અનેક શક્યતાઓથી પ્રકાશિત થઈ ઊઠ્યાં, ગૂંજી ઊઠ્યાં.

તે ઊતર્યો ત્યારે સાગરપંખીઓની સભા ભરાઈ હતી. આ બધાં ક્યારનાંય એકઠાં થયાં હોય તેવું લાગતું હતું. સાચું પૂછો તો તેની જ રાહ જોવાતી હતી.

'જોનાથન લિવિંગ્સ્ટન સાગરપંખી! અહીં મધ્યમાં આવ.' વયોવૃદ્ધ સાગરપંખીએ ઊંચા અવાજે આદેશ આપ્યો. મધ્યમાં આવીને ઊભા રહેવાનો આદેશ એટલે કાં તો અપમાનિત થવાનું હોય, સજા ભોગવવાની હોય અથવા સન્માનિત થવાનું હોય. સાગરપંખીઓના ભૂતપૂર્વ નેતાઓ પણ આમસભાની મધ્યમાં જ ચૂંટાયા હતા. તેમનું ગૌરવ કરવા માટે પણ તેમને સભામધ્યે આવવાનું આમંત્રણ અપાતું. જોનાથનનું મન આશાઓ સેવવા લાગ્યું. તેને થયું સવારનો ચારો શોધવા નીકળેલાં પંખીઓએ જરૂર પોતાની સિદ્ધિઓ જોઈ હશે, પણ 'મારે કોઈ સન્માન નથી જોઈતું. મારે નેતા પણ નથી થવું. મને જે મળ્યું છે તે મારે તેમને આપવું છે, વિસ્તરતી ક્ષિતિજો એક વાર તેમને બતાવવી છે, બસ.' તે આગળ વધ્યો.

'જોનાથન લિવિંગ્સ્ટન', વયોવૃદ્ધ સાગરપંખીની ત્રાડ સંભળાઈ, 'મધ્યમાં આવ અને તારા પર મુકાયેલો આરોપ સાંભળ. ઓ અપરાધી, બધાંને તારું મોં દેખાય તેમ વચ્ચે આવીને ઊભો રહે.'

જોનાથનને લાગ્યું, કોઈએ તેના માથા પર લાકડાનું પાટિયું ઝીંકી દીધું છે. તેના પગમાંથી ચેતન હણાઈ ગયું, તેની પાંખો શિથિલ થઈ નમી પડી. તેને પોતાના કાન પર વિશ્વાસ ન આવ્યો. આરોપ? અપરાધ? અશક્ય. તેણે તો સિદ્ધિઓ મેળવી હતી, અતુલ પરાક્રમ દાખવ્યું હતું. કંઈક ભૂલ થાય છે – આ બધાની કંઈક ભૂલ થાય છે...

"તેં અવિચારીપણું દાખવ્યું છે. તું બેજવાબદાર છે." પ્રભાવશાળી ગંભીર અવાજ ચારે તરફ ગર્જી રહ્યો, "સાગરપંખીઓનાં કુળની પરંપરા અને ગૌરવ તેં ભ્રષ્ટ કર્યાં છે."

અપરાધ માટે મધ્યમાં બોલાવવાનો અર્થ એ થાય કે તેને સાગરપંખીની જમાતમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે. બાકીની જિંદગી તેણે એકલા, ઉપેક્ષિત, દૂરદૂરના ખડકો પર વિતાવવાની છે.

"જોનાથન લિવિંગ્સ્ટન, એક દિવસ તને સમજાશે કે બેજવાબદારી કદી માફ ન કરી શકાય. બેજવાબદારીથી કદી કંઈ મળતું નથી. જીવન અજ્ઞાત છે. તેને આપણે પૂરું સમજી નથી શકતા. આપણે તો આ વિશ્વમાં એક જ કામ કરવાનું છે – ખોરાકની શોધ કરવી અને જીવતા રહેવું."

સાગરપંખીની જમાતમાં આવી સભા ભરાઈ હોય ત્યારે મોઢું ખોલવાનો નિષેધ હતો, પણ જોનાથન ચૂપ ન રહી શક્યો. તેણે મોટા અવાજે કહ્યું, 'બેજવાબદારી? મારા ભાઈઓ, મારા મિત્રો, જીવનમાં અર્થ અને હેતુ શોધવા ઝંખતા સાગરપંખીથી વધારે જવાબદાર કોણ હોઈ શકે? હજારો વર્ષોથી આપણે માછીમારોએ ફેંકેલા માછલીના ટુકડા પાછળ ભમીએ છીએ – પણ હવે આપણી પાસે જીવનનું એક ધ્યેય છે – શીખવું, શોધવું, મુક્ત થવું! મને માત્ર એક તક આપો. મેં શું સિદ્ધ કર્યું છે એ મને બતાવવા દો...'


સભા જાણે પથ્થરની બની ગઈ હતી.

'આપણો સંબંધ પૂરો થયો છે.' સૌ સાગરપંખીઓ એકી અવાજે બોલ્યાં અને પછી પોતાના કાન બંધ કરી એકસાથે જોનાથન તરફ પીઠ ફેરવી ગયાં.

એ પછી જોનાથને ઘણા દિવસો એકલતામાં વિતાવ્યા, દૂરના ખડકોથી પણ દૂર તે ઊડતો રહ્યો. તેને એકલતાનું દુ:ખ નહોતું, તેને દુ:ખ એ વાતનું હતું કે સાગરપંખીઓ પોતાનામાં રહેલી ઉડ્ડયનની તેજસ્વી સંભાવનાઓ વિશે સાંભળવા કે માનવા તૈયાર ન હતાં – આંખો ખોલીને જોવાનો પણ સાફ ઇનકાર કરતાં હતાં.


રોજ તે કંઈક નવું શીખતો. તેણે જોયું કે વેગપૂર્વક સીધી ડૂબકી મારવાથી તે દરિયાની સપાટીથી દસેક ફૂટ ઊંડે ચાલ્યો જતો અને ત્યાં તરતી દુર્લભ એવી સ્વાદિષ્ટ માછલીઓ પકડી શકતો. હવે તેનું જીવન માછીમારોની હોડીમાંથી ફેંકાતા વાસી ટુકડાઓ પર નિર્ભર ન હતું. હવામાં તે ઊંઘ ખેંચી લેતાં શીખી ગયો. તે દરિયા પર વાતી હવા સાથે સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી રાતભર ઊડતો રહેતો. જાત પર સંપૂર્ણ કાબૂ સાથે તે ગાઢ દરિયાઈ ધુમ્મસને ચીરતો તેની ઉપરના સાફ, વરસતા આકાશ સુધી પહોંચી જતો. એ વખતે બીજાં બધાં સાગરપંખીઓ ધુમ્મસ અને વર્ષામાં ભીંજાતાં-ધ્રુજતાં રહેતાં. તેજ પવનો પર સવાર થઈ તે મધદરિયાના ટાપુઓ સુધી પહોંચતો અને મુલાયમ જંતુઓની મિજબાની માણતો.

જે સ્વપ્ન તેણે તેના તમામ બંધુઓ માટે જોયું હતું, તે સ્વપ્નની સિદ્ધિ માણવામાં તે એકલો પડી ગયો હતો. ઊડવાની કળામાં તે પારંગત થયો હતો. તે માટે તેણે આકરી કિંમત ચૂકવી હતી, પણ તેને તેનો જરા પણ અફસોસ ન હતો. જોનાથન લિવિંગ્સ્ટન નામના આ સાગરપંખીને એ સમજાયું કે કંટાળો, ભય અને ગુસ્સો – સાગરપંખીઓનાં ટૂંકાં આયુષ્યનાં આ ત્રણ કારણો છે. આ સમજ્યા પછી તેને ખાતરી થઈ કે તે પોતે જરૂર લાંબી, સુંદર જિંદગી જીવી શકશે.





પોતાને પ્રિય એવા અસીમ વિશાળ આકાશમાં જોનાથન શાંતિથી, નીરવ ગતિએ સરકી રહ્યો હતો. સાંજ ઢળી હતી અને તેઓ આવ્યાં – જોનાથનની પાંખો પાસે પ્રગટ

થયેલાં એ બે સાગરપંખી તારાના તેજ જેવાં સૌમ્ય અને સ્વચ્છ હતાં. રાતના જામતા જતા અંધકારમાં તેમનામાંથી નીકળતો પ્રકાશ મધુર અને મૈત્રીપૂર્ણ લાગતો હતો, પણ અદ્ભુતતા તો હતી તેમના ઊડવાના કૌશલ્યમાં. તે બંને પોતાની પાંખો જોનાથનની પાંખોથી બરાબર એક ઈંચ દૂર રાખીને ઊડતાં હતાં – તેનાથી જરા પણ ઓછું નહીં કે વધારે નહીં.









એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના જોનાથને તેમની કસોટી આદરી. એ કસોટીમાંથી આજ સુધી કોઈ દરિયાઈપંખી પાર ઊતર્યું નહોતું. તેણે પાંખો મરડી અને કલાકના એક માઈલ જેટલી ધીમી ગતિએ ઊડવા માંડ્યું. બંને ચમકતાં પંખીઓ તેની ગતિ સાથે લયબદ્ધ રીતે પોતાની ગતિ મેળવતાં રહ્યાં. તેમને ધીમી ગતિનું ઉડ્ડયન આવડતું હતું.

જોનાથને પાંખો સંકેલી, ઘૂમરી ખાધી અને કલાકના નેવું માઈલની ઝડપે હવામાં પડતું મૂક્યું. પેલા બંનેએ પણ એ જ રીતે પાંખો સંકેલી હવામાં ડૂબકી મારી. તેમની ગતિથી જાણે એક ઊભો લિસોટો રચાયો.

છેવટે તેણે ગતિને સીધી રેખામાં લીધી અને ક્ષિતિજ સમાંતર લાંબા વળાંકો લીધા. બંને પક્ષીઓ સ્મિત વેરતાં તેની સાથોસાથ ઘૂમી રહ્યાં.

હવે જોનાથને સામાન્ય ઝડપે ઊડવા માંડ્યું અને લાંબા મૌન પછી એ બોલ્યો, 'અદ્ભુત! કોણ છો તમે?'

'અમે તારી જ જમાતના છીએ, જોનાથન. અમે તારા ભાઈઓ છીએ.' તેમના શબ્દો શાંત પણ દૃઢતાપૂર્ણ હતા, 'અમે તને વધુ ઊંચાઈ પર, તારા અસલી સ્થાને લઈ જવા આવ્યા છીએ.'

'અસલી સ્થાન – ઘર! મારે કોઈ ઘર નથી. મારી કોઈ જમાત નથી. હું ત્યજાયેલો છું અને હવે આપણે વિરાટ વાયુપર્વતના શિખર પરથી ઊડીએ. મારા પુખ્ત દેહને હવે હું થોડાક સો ફૂટથી વધારે ઊંચે લઈ જઈ શકીશ નહીં.'

'તું લઈ જઈ શકીશ, જોનાથન. કારણ કે તું ઊડવાની કળા જાણે છે. એક શાળાનું ભણતર પૂરું થયું. હવે બીજી શાળામાં પ્રવેશવાનો સમય આવ્યો છે.'

જે સમજણે જોનાથનના સમગ્ર જીવનને અજવાળ્યું હતું તે સમજણે તેના જીવનની આ ક્ષણ પર પણ પ્રકાશ પાથર્યો. તેઓ સાચાં હતાં – પોતે હજી ઊંચે ઊડી શકે. ઘેર જવાનો સમય આવી ગયો હતો.

તેણે આકાશ તરફ ક્યાંય સુધી જોયા કર્યું. ક્યાંય સુધી એ ભૂમિ તરફ જોયા કર્યું. એ ચાંદી જેવી ચમકતી ભૂમિ જ્યાં તે આ આટલું બધું શીખ્યો હતો.

'હું તૈયાર છું.' છેવટે તે બોલ્યો.

અને જોનાથન લિવિંગ્સ્ટન સાગરપંખી, આકાશના તારા જેવા ઉજ્જ્વળ બે સાગરપંખીઓ સાથે ઊંચે ઊડ્યો. અંધારાના અતળ સમુદ્ર જેવા આકાશમાં ત્રણે અદૃશ્ય થઈ ગયા.

ભાગ-૨

ધરતી તરફ

તો આ સ્વર્ગ છે – તેણે વિચાર્યું અને તે મનોમન મલકાયો. તેને પોતાની જાત પર હસવું આવતું હતું. હજી તો સ્વર્ગમાં પ્રવેશવાની ક્ષણ આવી છે – ને આ જ ક્ષણે તેણે સ્વર્ગનું પૃથક્કરણ પણ કરવા માંડ્યું. આ તો બરાબર ન કહેવાય!

તેણે જોયું કે જેવો એ ધરતીની અદૃષ્ટ સીમાઓ ઓળંગીને પેલા બે ચમકતાં સાગરપંખીઓની સાથે વાદળોને પણ વટાવીને ઊંચે ઊડ્યો કે તેનું પોતાનું શરીર પણ એ બે પંખીઓની જેમ તેજસ્વી થઈ ગયું હતું. એ બીજું કશું નહીં, એ હતું તો તેનું પોતાનું જ – નિત્યયુવા જોનાથન લિવિંગ્સ્ટનનું જ, હંમેશાં એની સોનેરી આંખોની પાછળ ધબકતું રહ્યું હતું તેજ રૂપ. બદલાયું હતું તે તો માત્ર તેનું બાહ્ય રૂપ હતું.

હા, એ જ હતું એનું જૂનું સાગરપંખીનું શરીર, પણ હવે તે એના જૂના શરીર કરતાં ઘણી વધારે ઝડપથી ઊડી શકતો હતો એટલું જ નહીં, તે માટે તેને પહેલાં કરતાં ઘણો ઓછો શ્રમ કરવો પડતો હતો. શ્રમ અડધો થઈ ગયો હતો અને ગતિ બમણી, ધરતી પરની શ્રેષ્ઠ સિદ્ધિઓ કરતાં બમણી સિદ્ધિઓ સાથેની ગતિ.

તેનાં પીંછાં પર શ્વેત સુંદર ચળકાટ હતો. તેની પાંખો પૉલિશ કરેલાં ચાંદીના વસ્ત્ર જેવી મુલાયમ અને હળવીફૂલ હતી. તેણે આનંદભેર શરૂઆત કરી. આ નવી પાંખો વિશે જાણવા અને તેનો ઉત્તમ ઉપયોગ કરવા તે આતુર હતો.

કલાકના બસો પચાસ માઈલની ઝડપે થઈ રહેલી ગતિ પર તેને લાગ્યું કે હવે તેણે પોતાની વધુમાં વધુ ગતિ મેળવી લીધી છે, પણ ઝડપ વધતી ગઈ. બસો તોંતેર માઈલની ઝડપે તેને થયું આનાથી વધુ ઝડપે તો ઊડી નહીં જ શકાય. તેના મનમાં નિરાશાની એક ટીસ ઊઠી. તેનું આ નવું શરીર, જૂના શરીરના તમામ વિક્રમો તોડી ચૂક્યું હોવા છતાં તેની ગતિની એક સીમા તો હતી. આ સીમા ઓળંગવાનો પ્રચંડ પુરુષાર્થ કરવાનો હજી બાકી હતો. સ્વર્ગમાં તો સીમાઓ ન હોવી જોઈએ – તેણે વિચાર્યું.

વાદળો વિખેરાયાં. તેનાં સાથી પક્ષીઓએ કહ્યું, ‘શુભ કામનાઓ, જોનાથન, ઉતરાણ મુબારક.’ અને તેઓ હવામાં વિલીન થઈ ગયાં.

જોનાથન દરિયા ઉપર, કિનારાની ખૂણાખાંચરાવાળી રેખા તરફ ઊડ્યો. થોડાં પંખીઓ ખડક પર ઊડવાના પ્રયોગો કરી રહ્યાં હતાં. દૂર-દૂર ઉત્તરે, લગભગ ક્ષિતિજ પર બીજાં થોડાં પંખીઓ ઊડતાં હતાં. નવાં દૃશ્યો, નવા વિચારો, નવા પ્રશ્નો, પણ સાગરપંખીઓ આટલાં ઓછાં કેમ? આકાશ સાગરપંખીઓથી છવાઈ જવું જોઈએ અને મને આ ક્ષણે આટલો થાક કેમ લાગે છે? આકાશમાં હોય ત્યારે પંખી થાકે જ નહીં. તેને સૂવાનું મન થાય જ નહીં.

એણે આ ક્યાં સાંભળ્યું હતું? ધરતી પરના જીવનની સ્મૃતિઓ ઝાંખી પડી હતી. ધરતી પર તે ઘણું બધું શીખ્યો હતો તે તેને યાદ હતું, પણ વિગતો ધૂંધળી થઈ જતી હતી. કંઈક ખોરાક શોધવાની વાત હતી અને પછી બહિષ્કૃત થયાનું ઝાંખું સ્મરણ હતું.

થોડાં પક્ષીઓ કિનારા પરથી ઊડીને તેને મળવા આવ્યાં. કોઈ કશું જ બોલ્યું નહીં, પણ જોનાથનને ખ્યાલ આવ્યો કે તેનું અહીં સ્વાગત હતું. તેને લાગ્યું જાણે આ જ તેનું ઘર હતું. દિવસ ખાસ્સો ચડી ગયો હતો. જોનાથનને ખ્યાલ પણ ન આવ્યો કે સૂરજ ક્યારે

ઊગ્યો.

કિનારાની ભૂમિ તરફ તે વળ્યો. હવામાં એકાદ ઇંચ પાંખો ફફડાવી તે હળવેથી રેતી પર ઊતર્યો. બીજા પક્ષીઓએ પણ ઉતરાણ કર્યું. તેમાંના કોઈએ પાંખોનો ફફડાટ સરખો ન કર્યો. હવામાં ઝૂલી, પોતાની ચમકતી પાંખો વિસ્તારી તેમણે વળાંક લીધો અને જમીન પર સરકી આવ્યાં. પાંખો પરનું તેમનું નિયંત્રણ અદ્‌ભુત હતું. જોનાથન એટલો થાકેલો હતો કે આ નવો પ્રયોગ કરવાનું તેને મન ન થયું. કિનારા પર ઊતરી, એક પણ શબ્દ બોલ્યા વિના તે ગાઢ નિદ્રામાં સરી ગયો.

દિવસો પસાર થતા ગયા. જોનાથને જોયું કે અહીં પણ ઊડવાની કળા વિશે એટલું જ અજ્ઞાન પ્રવર્તતું હતું જેટલું તેણે તેની જમાતમાં જોયું હતું. ઘણું શીખવાનું બાકી હતું, પણ અહીં પંખીઓનાં માનસ જુદાં હતાં. અહીં એવાં સાગરપંખીઓ હતાં જે તેની જેમ વિચારતાં હતાં. એ દરેકને ઉડ્ડયન પ્રત્યે ઊંડો પ્રેમ હતો અને ઊડવાની કળામાં સંપૂર્ણ રીતે પારંગત થવા માટેની ધગશ તેમનામાં ધબકતી હતી. ઊડવામાં નૈપુણ્ય મેળવવું એ તેમને માટે સૌથી મહત્ત્વનું હતું. તેઓ બધાં ભવ્ય પંખીઓ હતાં અને ઊડવાનો મહાવરો કરવામાં, વધુ ને વધુ ઊંચે જવાના પ્રયોગો કરવામાં તેઓ કલાકો વિતાવતાં.

પોતે જ્યાંથી આવ્યો હતો એ દુનિયાને ભૂલી ગયો. પોતાની એ જમાતને જોનાથન લાંબા કાળ સુધી ભૂલી ગયો, જ્યાં ઊડવાનો આનંદ શો હોય તે જાણવાની કોઈને પરવા ન હતી. તેમને માટે ઊડવાનો અર્થ અને પાંખોનું અસ્તિત્વ ખોરાકની શોધના સંઘર્ષ પૂરતાં સીમિત હતાં. તોપણ ક્યારેક ક્ષણાર્ધ માટે જોનાથનના મનમાં તેમની સ્મૃતિ ઝબકતી અને તરત જ વિલીન થઈ જતી.

એક સવારે તે પોતાના પ્રશિક્ષકની સાથે પાંખો બીડેલી રાખીને હવામાં ગોળ ગોળ ફરવાનો અભ્યાસ કરવા નીકળ્યો. અભ્યાસ પછી તેઓ કિનારા પર આરામ કરતા હતા ત્યારે તેને અચાનક વીતેલો સમય યાદ આવ્યો.

‘બધાં ક્યાં ગયાં, સુલિવાન?’ તેણે અશબ્દ પ્રશ્ન કર્યો. ધરતી પર તેની જમાતનાં પક્ષીઓની ચીસાચીસ અને કલબલાટને અહીં જગ્યા નહોતી. અહીં પક્ષીઓ મનોમન સંવાદ કરી શકતાં. ‘અહીં આપણે આટલાં જ કેમ છીએ? હું જ્યાંથી આવ્યો ત્યાં તો કેટલાં બધાં...’

‘હું જાણું છું. હજારો પંખીઓ હતાં.’ સુલિવાને માથું હલાવ્યું, ‘મારે મન એનો જવાબ એ છે કે તું લાખોમાં એકાદ હોય તેવું સાગરપંખી છે. અમારામાંના મોટા ભાગનાં અહીં ધીરેધીરે આવ્યાં છે. અમે એક વિશ્વમાંથી એના જેવા જ બીજા વિશ્વમાં ફરતાં રહ્યાં. એક દિવસ એ પણ ભૂલી ગયાં કે અમે ક્યાંથી શરૂ કર્યું હતું, ક્યાં જવાનું છે એનો પણ ખ્યાલ રહ્યો નહીં. સામે આવેલી ક્ષણમાં જીવતાં અમે શીખી ગયાં. તને વિચાર આવે છે કે ખાવા, ઝઘડવા અને ટોળામાં નેતૃત્વ કરવા સિવાય પણ જિંદગીમાં બીજું ઘણું હોય છે એ વાતનો ફક્ત ખ્યાલ આવતાંય કેટલા જન્મો વીતી જાય છે? હજાર – ના, દસ હજાર જન્મો. અમારા પણ એમ જ વીત્યા, જૉન. ત્યાર પછી સેંકડો જિંદગીઓ એ સમજવામાં વીતી કે સંપૂર્ણતા જેવું પણ કંઈક હોય છે અને બીજા સેંકડો જન્મો તે સ્પષ્ટ થવામાં ચાલ્યા ગયા કે સંપૂર્ણતાની શોધ અને સંપૂર્ણતાની પ્રાપ્તિ એ, જ જીવનનો હેતું છે. હજી અમે એ જ નિયમને અનુસરીએ છીએ: આ વિશ્વમાં અમે જે સિદ્ધ કરીશું તે પરથી અમે અમારું હવે પછીનું વિશ્વ કયું હશે તે નક્કી કરીશું. જો આ વિશ્વમાં કશું નવું ન શીખ્યા, તો નવું વિશ્વ પણ આવું જ મળવાનું – આ જ મર્યાદાઓ અને આ જ અવરોધો

સાથેનું.'

તેણે પાંખો ફેલાવી અને પવનની સન્મુખ થયો. 'પણ જૉન, તેં એટલી ઝડપથી બધું શીખી લીધું છે કે અહીં સુધી પહોંચવા હજારો જન્મોમાંથી પસાર થવાની તને જરૂર ન પડી.' તેણે કહ્યું.

બીજી ક્ષણે તેઓ હવામાં હતા, અભ્યાસરત હતા. હવામાં ઊભી ઘૂમરીઓ ખાવાનું અઘરું હતું. અર્ધું ચક્કર ફરીને જોનાથન ઊંધા થવાનું વિચારતો એ જ ક્ષણે વિરુદ્ધ દિશામાં તેની પાંખો વળી જતી. એના પ્રશિક્ષક જેવા જ લયથી એ ઘૂમરી તો ખાતો, પણ એની ઘૂમરી ઊંધી થઈ જતી.

'ફરી કર.' સુલિવાન એને હિંમત આપતો રહ્યો, 'ફરી કર, જૉન, ફરી ફરી કર.' આખરે જોનાથનને એ ફાવી ગયું. 'સરસ.' સુલિવાને પ્રમાણપત્ર આપ્યું અને હવામાં ચોગડાની આકૃતિ રચવા બંને લાગી ગયા.

એક સાંજે, રાત્રે ન ઊડનારાં પંખીઓ કિનારા પર ટોળે વળ્યાં. બધાં વિચારમાં ડૂબેલાં હતાં. હિંમત એકઠી કરી જોનાથને વયોવૃદ્ધ પક્ષી તરફ પગલાં માંડ્યાં. એમ કહેવાતું હતું કે તે પંખી આ વિશ્વ છોડી જવાનું છે.

'ચ્યાંગ' – જોનાથન ડરતો ડરતો બોલ્યો.

વયોવૃદ્ધ પંખીએ મમતાથી તેની સામે જોયું, 'શું છે બેટા?' વૃદ્ધત્વે તેને નિર્બળ કે નિસ્તેજ નહોતું બનાવ્યું, ઉલટાનું વૃદ્ધત્વમાં તેની ક્ષમતાઓ ઓર ખીલી હતી. ટોળામાંના કોઈ પણ પંખી કરતાં તે વધારે ઊંચે ઊડી શકતું. બીજા જેના પ્રારંભે અટવાઈ પડ્યાં હતાં તેવાં કૌશલ્યો તેણે હસ્તગત કરી લીધાં હતાં.

'ચ્યાંગ, આ જગતમાં સ્વર્ગ જેવું કંઈ છે નહીં – ખરું ને?'

ચાંદનીમાં ચ્યાંગે મીઠું સ્મિત વેર્યું, 'તું ફરી શીખવા લાગ્યો છે, નહીં જોનાથન?' તેણે કહ્યું.

'હા, પણ હવે પછી શું? અહીંથી ક્યાં જવાનું છે? સ્વર્ગ જેવી કોઈ જગ્યા આખરે છે ખરી?'

'ના, જોનાથન. એવું કોઈ સ્થળ નથી. સ્વર્ગ એ કોઈ સ્થળવિશેષ કે સમયવિશેષનું નામ નથી. સંપૂર્ણતા એ જ સ્વર્ગ છે.' થોડી ક્ષણ મૌન સેવ્યા પછી તેણે કહ્યું, 'તું ખૂબ ઝડપે ઊડી શકે છે, ખરું ને?'


'હું? હા, મને ગતિ ગમે છે. હું એને માણું છું.' જોનાથને કહ્યું. એ સંકોચ સાથે બોલ્યો, ચ્યાંગનું ધ્યાન પોતાની આવડત પર છે એ સમજીને એને ગૌરવ પણ થયું.

'સ્વર્ગને સ્પર્શ કરવાની ક્ષણ હવે દૂર નથી, જોનાથન. જ્યારે તું ગતિની સંપૂર્ણતા સિદ્ધ કરીશ તે જ ક્ષણે તું સ્વર્ગ પ્રાપ્ત કરીશ, પણ પૂર્ણ ગતિ એટલે કલાકના હજાર કે લાખ માઈલની ગતિ નહીં. પૂર્ણ ગતિ એટલે પ્રકાશના કિરણની ઝડપે ઊડવું તે પણ નહીં. કોઈ પણ સંખ્યા આખરે મર્યાદિત છે, બંધાયેલી છે અને પૂર્ણતાને કોઈ સીમા, કોઈ બંધન નથી. પૂર્ણ ગતિ એટલે, બેટા, આ ક્ષણે અહીં હોવું તે.'









અને અચાનક કોઈ પૂર્વસૂચના વિના ચ્યાંગ અદૃશ્ય થઈ ગયો. ક્ષણાર્ધમાં તે પચાસેક ફૂટ દૂર પાણીની ધાર પાસે દેખાયો અને એથીય ઓછી વારમાં ત્યાંથી અદૃશ્ય થઈ જોનાથન પાસે પ્રગટ થયો, 'છે ને મજાનું?' તેણે કહ્યું.

જોનાથન તો સ્તબ્ધ થઈ ગયો. પોતે સ્વર્ગ વિશે પૂછતો હતો તે વિસરાઈ ગયું: 'કહોને, આ તમે કેવી રીતે કર્યું? તેનાથી કેવો અનુભવ થાય? તમે કેટલે દૂર જઈ શકો છો?'

વૃદ્ધ પંખીએ કહ્યું, 'તમે ગમે તે સ્થળે, ગમે તે સમયે ઇચ્છો તેમ જઈ શકો. હું વિચારોની જેમ ગમે ત્યારે ગમે ત્યાં પહોંચી શકું છું.' તેણે દરિયાને આંખોમાં સમાવી લેતાં આગળ કહ્યું, 'આ એક અદ્‌ભુત, વિચિત્ર બાબત છે. જે પંખીઓ પૂર્ણતા કરતાં યાત્રાને વધુ મહત્ત્વ આપે છે તેઓ છેવટે ક્યાંય પહોંચતા નથી, પણ જે પંખીઓ યાત્રાને બાજુ પર મૂકી પૂર્ણતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે તેઓ ક્ષણભરમાં કોઈ પણ સ્થળે પહોંચવાની ક્ષમતા હાંસલ કરે છે. યાદ રાખજે જોનાથન, સ્વર્ગ કોઈ સ્થળ કે કાળનું નામ નથી, કારણ કે આખરે તો સ્થળ અને કાળ અર્થહીન સાબિત થાય છે. સ્વર્ગ તો...'

'તમે મને આવું ઉડ્ડયન શીખવશો?' બીજાં એક સાવ અજાણી બાબતને જાણવા માટે જોનાથન અત્યંત ઉત્સુક થઈ ઊઠ્યો.

'ચોક્કસ. તું ઇચ્છે તો તું જરૂર શીખી શકે.'

'મારે શીખવું છે. આપણે ક્યારે શરૂ કરીશું?'

'તારી ઇચ્છા હોય તો આ ક્ષણથી જ.'

'મારે આવું ઉડ્ડયન શીખવું જ છે.' જોનાથને કહ્યું. તેની આંખોમાં એક અજબ ચમક આવી, 'કહો, મારે શું કરવાનું છે?'

ચ્યાંગે આ તરુણ પક્ષી તરફ ધ્યાનથી જોયું અને શબ્દો છૂટા પાડી ધીમા અવાજે કહ્યું, 'વિચારોની ઝડપે ઊડીને તમે ઇચ્છો તે સ્થળે પહોંચવા માટે તમારે સૌ પ્રથમ એવો અનુભવ કરવો જોઈએ, જાણે તમે ત્યાં પહોંચી ગયા છો.'

ચ્યાંગની દૃષ્ટિએ, જોનાથન માટે એનું જ્ઞાન થવું મહત્ત્વનું હતું કે તે સમજે કે પોતે બેતાલીસ ઈંચના પાંખોના વિસ્તારમાં કે કાગળ પર આંકી શકાય તેવા ઉડ્ડયનના નકશામાં કેદ નથી. તે એટલો જ પૂર્ણ છે જેટલો કોઈ વણલખ્યો આંકડો. તેનું અસ્તિત્વ સ્થળ અને કાળને પેલે પાર સુધી વ્યાપેલું છે અને એ જ તેનું અસલી રૂપ છે, અસલી સ્વભાવ છે.

જોનાથન ઝનૂનપૂર્વક અભ્યાસ કરતો હતો. સૂર્યોદય થાય એ પહેલાંથી દરેક મોડી

રાત સુધી, લગાતાર, રોજેરોજ. તે છતાં તેણે જોયું કે પોતે જ્યાં હોય ત્યાંથી એક તસુ પણ આગળ વધી શકાતું નહોતું.

ચ્યાંગે કહ્યું હતું, 'શ્રદ્ધાની વાત ભૂલી જા. ઊડવા માટે શ્રદ્ધાની જરૂર નથી. ઊડવા માટે ઊડવાના અનુભવ લેવાનું, ઊડવું શું છે તે સમજવાનું જરૂરી છે, સમજાયું કે? હવે ફરી પ્રયત્ન કર.'

એક દિવસ કિનારાની રેતી પર જોનાથન આંખો માંચીને ધ્યાનમગ્ન અવસ્થામાં ઊભો હતો ત્યાં, ચ્યાંગે કહેલા શબ્દોના અર્થનું અજવાળું વીજળીના ઝબકારની જેમ તેના મનમાં પથરાયું – ચ્યાંગના કહેવાનો અર્થ તે એક જ પલકારામાં સમજી ગયો: 'ઓહ, મને સમજાયું. કેટલી સાચી વાત. હું પૂર્ણ છું, હું અસીમ, અનંત સાગરપંખી છું.' આનંદના અતિરેકથી તેનું શરીર કંપી ઊઠ્યું.

'સરસ.' તેને ચ્યાંગનો અવાજ સંભળાયો. એ અવાજમાં વિજયનો ઉદ્‌ઘોષ હતો.

જોનાથને આંખો ખોલી. વૃદ્ધ ચ્યાંગ સાથે તે એક સાવ જુદા જ સાગરકિનારે ઊભો હતો. વૃક્ષો પાણીની સપાટી પર ઝૂકી આવ્યાં હતાં અને આકાશમાં જાણે બે સૂર્યો પ્રકાશી રહ્યા હતા!

'છેવટે તારે જે જોઈતું હતું તે તને પ્રાપ્ત થયું.' ચ્યાંગે કહ્યું, 'પણ હજી તારા નિયંત્રણને થોડી વધારે કેળવણીની જરૂર છે.'

જોનાથન હજી સ્તબ્ધતામાંથી બહાર નહોતો આવ્યો, 'આપણે ક્યાં છીએ?'તે ગણગણ્યો.

ચારેબાજુના અજબ વાતાવરણથી જરા પણ વિચલિત થયા વિના ચ્યાંગ બોલ્યો અને તેનો પ્રશ્ન જાણે માર્ગમાંથી હટી ગયો, 'આપણે એક બીજા ગ્રહ પર છીએ, તું જુએ છે ને. અહીંનું આકાશ લીલા રંગનું છે અને સૂરજના સ્થાને બે તારા પ્રકાશી રહ્યા છે.'

જોનાથનના કંઠમાંથી આનંદની કિલકારી નીકળી. ધરતી છોડ્યા પછી તેણે કરેલો આ પહેલો અવાજ હતો, **'મેં કર્યું – મારાથી એ થાય છે!'**

'અલબત્ત, તેં એ કર્યું, તારાથી એ થયું.' ચ્યાંગ ઉષ્માભર્યા અવાજે બોલ્યો, 'જ્યારે તમને ખબર હોય કે તમે શું કરી રહ્યા છો ત્યારે તે થાય જ છે. હવે ચાલ તને નિયંત્રણ શીખવું...'

તેઓ પાછા ફર્યા ત્યારે અંધારાના ઓળા અવનિના પટ પર ઊતરી ચૂક્યા હતા. બધાં પક્ષીઓની દૃષ્ટિ જોનાથન તરફ હતી. તેમની સોનેરી આંખોમાં ભય અને સન્માન તરવરતાં હતાં. એ બધાંએ થોડી વાર પહેલાં જોનાથનને ગાયબ થઈ જતો જોયો હતો.

બધાં તેને અભિનંદન આપવા માંડ્યાં. તરત જોનાથન બોલ્યો 'હું તો અહીં નવો છું. આ તો હજી શરૂઆત છે. મારે તો તમારી પાસેથી ઘણું શીખવાનું બાકી છે.'

'મને એની જ નવાઈ લાગે છે.' બાજુમાં ઊભેલા સુલિવાને કહ્યું. 'દસ હજાર વર્ષમાં કોઈનામાં નથી જોઈ તેવી નિર્ભયતા આજે મને તારામાં દેખાય છે.' ટોળું શાંત હતું. જોનાથનને ભારે સંકોચ થયો.

ચ્યાંગે કહ્યું, 'તારી ઇચ્છા હોય તો આપણે સમયની સાથે કામ કરવાનું શરૂ કરી શકીએ. તું ભૂતકાળ અને ભવિષ્યકાળમાં ઊડતો ન થાય ત્યાં સુધી તારે અભ્યાસ કરવો પડશે. એ પછી તું સૌથી અઘરું, સૌથી વધુ શક્તિ આપતું અને આનંદ કરાવતું કામ શરૂ કરી શકીશ. એ પછી જ તું ઊંચું ઉડ્ડયન કરી શકીશ અને પ્રેમ અને કરુણાનો અર્થ સમજી

શકીશ.'

એક મહિનો પસાર થયો કે પછી એક મહિનો સહેજમાં વીતી ગયો એવું લાગ્યું અને જોનાથનની શીખવાની ઝડપ અત્યંત વધી ગઈ. તે સામાન્ય અનુંભવોમાંથી પણ ઘણું અને ઝડપભેર શીખતો હતો. હવે વૃદ્ધ પંખીના ખાસ વિદ્યાર્થી તરીકે તો તેણે પીંછાં અને પાંખોવાળા કમ્પ્યૂટરની ઝડપે નવા નવા પાઠ ગ્રહણ કરવા માંડ્યા.

પણ પછી એક દિવસ ચ્યાંગ અદૃશ્ય થઈ ગયો. જતાં પહેલાં તેણે બધા સાથે શાંતિથી વાતો કરી, તેમને શીખવાનું અને અભ્યાસ ચાલુ રાખવાનું ભારપૂર્વક કહ્યું અને સમગ્ર જીવનના અજ્ઞાત અને પૂર્ણ રહસ્યમય સિદ્ધાંતને સમજવાની ઝંખના પ્રજ્વલિત રાખવાની સલાહ આપી. જેમ જેમ તે બોલતો ગયો તેમ તેમ તેનાં પીંછાં વધુ ને વધુ ચળકાટ ધારણ કરતાં ગયાં અને અંતે સાગરપંખીઓની આંખો અંજાઈ જવા લાગી. ચ્યાંગના શરીરની રેખાઓ ઝળહળાટમાં અદૃશ્ય થઈ જવા માંડી.

'જોનાથન' તેણે કહ્યું. આ તેના છેલ્લા શબ્દો હતા: 'પ્રેમને સમજજે – પ્રેમની સાધના ચાલુ રાખજે.'

ઝળહળાટ શમ્યો અને ફરી તેઓ જોઈ શક્યા ત્યારે ચ્યાંગ અદૃશ્ય થઈ ગયો હતો.

દિવસો વીતતા ગયા. જોનાથનને, પોતે જેને છોડી આવેલો, તે ધરતી ખૂબ યાદ આવતી હતી. તેણે આજે અહીં જે જાણ્યું હતું તેનો દસમો – અરે સોમો ભાગ પણ જો એ ત્યાં જાણતો હોત તો ત્યાંનું જીવન કેટલું અર્થપૂર્ણ હોત! રેતીમાં ઊભો રહીને તે વિચારવા લાગ્યો – શું ત્યાં કોઈ એવું સાગરપંખી હશે ખરું, જે સીમાઓને તોડી નાખવા સંઘર્ષ કરતું હોય, જેને માછીમારોની હોડીમાંથી ફેંકાતા ટુકડાઓ મેળવવા થતી ઝપાઝપીથી આગળ જઈ ઊડવાનો અર્થ શો થાય તે જાણવાની ઝંખના હોય? જમાતની વચ્ચે પોતાનું સત્ય ઉચ્ચારવા બદલ તેને પણ બહિષ્કૃત થવું પડ્યું હોય? જેમ જેમ જોનાથન કરુણાના પાઠ ભણતો ગયો, જેમ જેમ તે પ્રેમની પ્રકૃતિને સમજતો ગયો તેમ તેમ પૃથ્વી પર પાછા જવાની તેની ઝંખના બળવત્તર બનતી ગઈ. તેને એકલવાયા ભૂતકાળનો અનુભવ હતો, પણ તે છતાં તેને લાગતું હતું કે પોતે એક શિક્ષક બનવા સર્જાયેલો છે અને તેને માટે પ્રેમ દર્શાવવાનો એ અર્થ હતો કે પોતે જે સત્યને સમજ્યો છે તેને લઈને પોતાના સત્યની શોધના માર્ગે પગલું પાડવા તૈયાર થયેલાં નાનાં સાગરપંખીઓને માર્ગ ચીંધવો.

સુલિવાન હવે વિચારની ઝડપે ઊડતાં શીખી ગયો હતો અને બીજાં પક્ષીઓને એ રીતે ઊડતાં શીખવી પણ રહ્યો હતો. જોનાથનના આ વિચાર સાથે તે પૂરો સંમત થતો નહોતો.

'જોન, એક વાર તું બહિષ્કૃત થઈ ચૂક્યો છે. તને એવી આશા કઈ રીતે છે કે તારી પેઢીનાં સાગરપંખીઓ હવે તારી વાત સાંભળશે? તેં 'જે સૌથી ઊંચે ઊડે છે તે સૌથી દૂરનું જુએ છે ' એ કહેવત તો સાંભળી જ હશે. તું જેમની વાત કરે છે તે ધરતી પરના સાગરપંખીઓ જમીન પર ઊભાં છે અને કોલાહલ અને ઝપાઝપીમાં જિંદગી વિતાવવા ટેવાયેલાં છે. સ્વર્ગથી તેઓ હજારો માઈલ દૂર છે. તેઓ જ્યાં ઊભાં છે ત્યાંથી તેમને સ્વર્ગ બતાવવાની તારી કામના કેવી રીતે ફળીભૂત થશે? તેમને તો પોતાની પાંખોના છેડા પણ દેખાતા નથી! જોન, તું અહીં જ રહે. અહીં પણ વિદ્યાર્થીઓ છે – એવા વિદ્યાર્થીઓ, જેઓ, તું જે કહેવા માગે છે તે સમજી શકે તેવી ઊંચાઈએ પહોંચ્યા છે.' એક ક્ષણ અટકીને તે બોલ્યો, 'ચ્યાંગ તેના પુરાણા વિશ્વમાં ચાલ્યો ગયો તેથી શું થઈ ગયું? તું આ

ક્ષણે ક્યાં રહેવા માગે છે તે મહત્ત્વનું છે.'

જોનાથન આ છેલ્લી વાત પર વિચારતો રહ્યો. સુલિવાન સાચું કહેતો હતો – જે સૌથી ઊંચે ઊડે છે તે જ સૌથી દૂર જોઈ શકે છે.

જોનાથન થોડા દિવસ રોકાઈ ગયો. તેણે નવાં આવેલાં પક્ષીઓને તાલીમ આપવાનું શરૂ કર્યું. આ પક્ષીઓ ખૂબ તેજસ્વી અને કુશાગ્ર બુદ્ધિનાં હતાં. નવા પાઠો ખૂબ જલદી શીખી લેતાં, પણ રહી રહીને જોનાથનને ધરતી યાદ આવતી. ધરતી પર કદાચ કોઈ એકાદ-બે સાગરપંખી એવાં હશે કે જે કશુંક નવું શીખવા આતુર હોય – આ વિચાર તેનો પીછો છોડતો નહીં. તેને થતું પોતાને બહિષ્કૃત કરવામાં આવ્યો તે દિવસે ચ્યાંગ જો હાજર હોત તો જિંદગી કેટલી જુદી હોત!

'સુલિ, મારે જવું પડશે.' આખરે તેણે સુલિવાનને કહી દીધું, 'તારા વિદ્યાર્થીઓ હવે ઘણા તૈયાર થઈ ગયા છે. નવા આવેલાને શીખવવામાં તેઓ તને મદદરૂપ થશે.'

સુલિવાને ઊંડો નિઃશ્વાસ નાખ્યો, પણ તેણે દલીલ ન કરી. 'હું તને ખૂબ યાદ કરીશ, જોનાથન.' તેણે એટલું જ કહ્યું, 'તારા વિના મને નહીં ગમે.'

'એવું ન કહે, સુલિ.' જોનાથને તેને મીઠો ઠપકો આપતાં કહ્યું, 'અને આવી મૂર્ખાઈભરી વાત ન કર. આપણે રોજ શાનો અભ્યાસ કરીએ છીએ? જો આપણી મૈત્રી સ્થળ અને કાળમાં બંધાયેલી રહેશે તો જે દિવસે સ્થળકાળનાં બંધન તૂટશે અને આપણે તેમની સીમાઓને પાર જઈ શકીશું તે દિવસે બધું જીતીને આપણે ખુદને ખોઈ બેસીશું, પણ એ બંનેને જીતી લીધા પછી આપણી પાસે એક જ અનુભૂતિ રહે છે – 'અહીં'ની. 'અહીં'ની અને 'આ ક્ષણ'ની વચ્ચે. તને નથી લાગતું આપણે એકબીજાને એક-બે વાર જરૂર મળીશું?'

સુલિવાને પોતે વ્યથિત હોવા છતાં સ્મિત કર્યું, 'તું તો ખરો તરંગી છે,' તે મીઠાશથી બોલ્યો, 'જમીન પર ઊભા રહીને હજારો માઈલ દૂરનું કેવી રીતે જોવું તે જો કોઈ ક્યારેક શીખવી શકશે તો તે તું હશે.' તેણે રેતી તરફ આંખો નમાવી, 'આવજે, જોન, મારા દોસ્ત, આવજે.'

'આવજે, સુલિ, આપણે ફરી મળીશું. જરૂર મળીશું.' આ શબ્દો સાથે જોનાથને એક બીજા સમયવિશેષમાં સાગરકિનારે ઊભેલાં સાગરપંખીઓના મોટા સમૂહની કલ્પના કરી. તેના અભ્યાસે તેને એ શીખવ્યું હતું કે પોતે પીંછાં અને હાડકાંનું બનેલું શરીરમાત્ર નથી, પણ મુક્તિ અને ઉડ્ડયનની એક પૂર્ણ કલ્પના છે; અનંત, અસીમ અસ્તિત્વ છે.

સાગરપંખી ફ્લેચર લિન્ડ યુવાનીમાં પદાર્પણ કરવાની તૈયારીમાં હતું, પણ આ નાની ઉંમરે તેણે જોઈ લીધું હતું કે આ જમાતમાં તેણે પોતે જેટલા અપમાન અને અન્યાય આજ સુધી વેઠ્યાં એવાં કોઈએ નહીં વેઠ્યાં હોય.

'તેમને જે કહેવું હોય તે કહે. મને બિલકુલ પરવા નથી.' તેણે ગુસ્સાથી બબડવા માંડ્યું. દૂરના ખડકો પર જવા તે ઊડ્યો અને તેની દૃષ્ટિ ધૂંધળી પડી, 'અહીંથી ત્યાં અમસ્તી ઊડાઊડ તો મચ્છર પણ કરે. તેને તે કંઈ ઉડ્ડયન કહેવાય? વૃદ્ધ સાગરપંખીએ આંકેલી સીમાની બહાર જરીક મેં પાંખો ફફડાવી – ફક્ત આનંદ ખાતર – તેમાં તો મને નાતબહાર કાઢી મૂક્યો! આ બધા આંધળા છે કે શું? તેમને દેખાતું નથી? ઉડ્ડયન સિદ્ધ કર્યા પછી જે તેજસ્વિતા આવે તેની તેમને કલ્પના સરખી નથી આવતી!'

'તેમને જે વિચારવું હોય તે વિચારે. મને તેમની પરવા નથી. ઉડ્ડયન એટલે શું તે હું

તેમને બતાવીશ. હું વિદ્રોહ કરીશ – જો તેઓ ખરેખર તેવું જ ઇચ્છતા હોય તો – એક દિવસ તેઓ પસ્તાશે.'

તેની અંદરથી અચાનક એક અવાજ ઊઠ્યો. એ અવાજ અત્યંત ધીમો હતો, પણ તે તેનાથી એવો ચીંકી ગયો કે હવામાં બે-ત્રણ ગડથોલાં ખાઈ ગયો.

એ અવાજ કહેતો હતો, 'ફ્લેચર સાગરપંખી, તેમના પર ગુસ્સે ન થા. તને બહિષ્કૃત કરીને એ વડીલ પંખીઓએ પોતાને જ સજા કરવા જેવું કર્યું છે. એક દિવસ તેમને એ સમજાશે. એક દિવસ તું જે જોઈ શક્યો છે તે એમને પણ દેખાશે. તેમને માફ કરી દે અને સમજવામાં તેમને મદદ કર.'

ફ્લેચરની જમણી પાંખના છેડે, ફક્ત એક ઈંચ દૂર તેણે આજ સુધી જોયેલાં સાગરપંખીઓમાંનું સૌથી તેજસ્વી શ્વેત સાગરપંખી ઊડતું આવતું હતું. જરા સરખા પ્રયાસ વિના, એક પીંછું પણ હલાવ્યા વિના તે આકાશમાં સરકતું હતું અને છતાં તેની ગતિ ફ્લેચરની વધુમાં વધુ ગતિ જેટલી હતી.

ફ્લેચરના નાનકડા શરીરમાં ઉત્પાત મચી ગયો.

'આ શું જોઉં છું હું? હું પાગલ થઈ ગયો છું કે પછી મરીને બીજા કોઈ લોકમાં પહોંચી ગયો છું? આ – આ છે શું?'

વિચારોના કોલાહલ વચ્ચે શાંત અને ધીમો સ્વર તેણે ફરી સાંભળ્યો. એ અવાજ ફ્લેચર પાસે જવાબ માગતો હતો: 'ફ્લેચર લિન્ડ, તારે ઊડવું છે?'


'હા, મારે ઊડવું છે.' ફ્લેચરે મક્કમતાથી કહ્યું.


'હે સાગરપંખી ફ્લેચર લિન્ડ, તારે એટલી ઊંચાઈ પર પહોંચવું છે જ્યાંથી તું તારી જમાતને માફ કરી શકે, ખૂબ શીખે અને પછી એક દિવસ તેમને શીખવવા તેમની વચ્ચે પાછો ફરે?'


આ ભવ્ય, નિપુણ હસ્તી પાસે જૂઠું ખોલવું અશક્ય હતું. નાનકડા ફ્લેચરને ગર્વનો અનુભવ થાય કે અપમાનનો, તેણે સત્ય બોલવું જ રહ્યું.

'હા, મારે એ કરવુ છે.' તે ધીરેથી બોલ્યો.

'તો પછી ફ્લેચર,' તેજસ્વી પંખીએ અત્યંત માયાળુ અવાજે તેને સંબોધ્યો, 'ચાલ સમાંતર ઉડ્ડયનથી શરૂઆત કરીએ...'







ભાગ-૩

અસીમ અનંત પ્રેમ



જોનાથન દૂરની ઊંચી ભેખડોની આસપાસ ધીરેધીરે ચક્કર કાપતો હતો. તેનું ધ્યાન તેની નજીક ઊડી રહેલા ફ્લેચર પર હતું. આ તરુણ સાગરપંખીને એક આદર્શ વિદ્યાર્થી તરીકેનું ઘડતર મળી રહ્યું હતું. તે મજબૂત હતો છતાં હવામાં હળવોફૂલ અને ઝડપી હતો. તેનામાં લય અને લચીલાપણું બંને હતાં અને સૌથી મોટી વાત એ હતી કે તેનામાં ઉડ્ડયન સિદ્ધ કરવાની અદમ્ય, સળગતી ઝંખના હતી.

એક ક્ષણમાં, કલાકના એકસો પચાસ માઈલની ઝડપે એક ભૂખરા ગોળાની જેમ તે તેના પ્રશિક્ષકની પાસેથી સૂસવતો પસાર થઈ ગયો. પછી તેણે સોળ અંશનો ખૂણો લઈ ઊભી ધીમી ઘૂમરીઓ ખાવાનો અભ્યાસ આદર્યો.

'આઠ... નવ... દસ... જોનાથન, જુઓ, હું હવાની ઝડપ પર પહોંચી રહ્યો છું... અગિયાર... તમારા જેવી સુંદર સંપૂર્ણ સ્થિરતા મને જોઈએ છે... બાર... પણ હું સંતુલન ગુમાવી દઉં છું, મારાથી એ નથી થતું. તેર... ઓહ, આ છેલ્લા ત્રણ અંશ... ચૌ... ઓ...'

ફ્લેચરે સંતુલન ગુમાવ્યું અને પડ્યો ત્યારે તે હવામાં ઊંધો થયેલો હતો. શરીરને સીધું કરી શકે તે પહેલાં જ હવામાં બે-ત્રણ ગડથોલાં ખાઈ તે તીરવેગે, જોનાથન ઊડતો હતો તેનાથી, સોએક ફૂટ નીચે પછડાયો.

'જોનાથન, હું મૂર્ખ છું, તદ્દન મૂર્ખ. કેટલું મથું છું, પણ કશું કરી શકતો નથી. તમે મારા જેવા નકામા વિદ્યાર્થી સાથે સમય બગાડી રહ્યા છો.'

જોનાથને નીચું માથું કરી તેની તરફ જોયું અને ડોક હલાવી, 'તું શરીર ઊંચકવા

આટલું જોર વાપરશે ત્યાં સુધી આવું જ બનશે. ફ્લેચર, એને લીધે તારી ગતિ શરૂઆતમાં જ ચાલીસ માઈલ જેટલી ઘટી જાય છે. તારે સરકતાં, સરળતાથી ઊડતાં શીખવું પડશે. મક્કમતા છતાં મુલાયમતા. યાદ રહે!'

તેણે હવામાં ડૂબકી મારી અને તેના વિદ્યાર્થીની નજીક પહોંચ્યો, 'આવ, આપણે બંને સાથે કરીએ. એક લયમાં. ધ્યાન રહે, શરીરને સરળતાથી ઊંચકજે. સરળ, સહજ ગતિ.'

ત્રણ મહિના પૂરા થયા ત્યારે જોનાથન પાસે બીજા છ વિદ્યાર્થીઓ હતા. એ બધા જ બહિષ્કૃત હતા અને ઊડવા ખાતર ઊડવાના નવા અદ્ભુત વિચાર માટે તેમને અપાર કુતૂહલ હતું.

જોકે જોનાથનના અઘરા પ્રયોગો સમજવાનું તેમને સહેલું લાગતું હતું, પણ તેની પાછળનું રહસ્ય તેમને સમજાતું ન હતું.

'સત્ય એ છે કે આપણે સૌ સ્વતંત્રતાની અસીમ કલ્પના જેવા એક મહાસાગરપંખીનો એક અંશ છીએ.' સૂરજ ઢળે ત્યારે કાંઠાની રેતી પર બેસાડી જોનાથન સૌને આ રીતે સમજ પાડતો, 'અને આ સમજણ સાથે લક્ષ્યવેધી ઉડ્ડયન કરવું એ આપણો પોતાના અસલી સ્વભાવ તરફ જવાનો એક પ્રયાસ છે. જે કંઈ આપણને મર્યાદિત કરે છે, બાંધે છે તે બધાંને છોડતાં જવાનું છે. આ બધી અત્યંત ઝડપી, અતિશય ધીમી, હવામાં અનેક કૌશલ્યો દર્શાવતી ઉડ્ડયનકલાનો અભ્યાસ આને માટે જ છે.'

...અને દિવસભરના અભ્યાસ અને પરિશ્રમથી થાકેલા તેના વિદ્યાર્થીઓ આ શબ્દો સાંભળતાં સાંભળતાં ઊંઘમાં સરી પડતા. તેમને અભ્યાસ અને મહાવરામાં મજા પડતી. કેમ કે એમાં ઝડપ અને રોમાંચ હતાં. તેનાથી જ્ઞાનની પિપાસા સંતોષાતી અને પછી દરેક પાઠ સાથે નવી તરસ જાગતી, પણ આમાંનું કોઈ, ફ્લેચર લિન્ડ સુધ્ધાં એ માનવા હજી તૈયાર નહોતું કે વિચારોની ગતિ અને ઊંચાઈ, પાંખો અને પીંછાંની ગતિ અને ઊંચાઈ જેટલાં જ વાસ્તવિક હોઈ શકે.

જોનાથન કહેતો, 'પાંખના એક છેડાથી બીજા છેડા સુધીનું તમારું આખું શરીર તમારા વિચારનું જ સાકાર સ્વરૂપ છે. વિચાર દેખાતા-નથી. શરીર દેખાય છે – બસ, એટલો જ ફરક છે. વિચારોને મુક્ત કરો અને તમારું શરીર પણ મુક્ત, હળવું થશે...' તેની આ વાતને સુંદર પરીકથાની જેમ સાંભળતાં સાંભળતાં વિદ્યાર્થીઓ સુખદ નિદ્રામાં સરી પડતા.

આમ જ એક મહિનો વીતી ગયો. એક દિવસ જોનાથને કહ્યું, 'હવે સમાજમાં પાછા જવાનો સમય આવી ગયો છે.'

'અમારે નથી જવું.' સાગરપંખી હેનરી કેલ્વિન બોલ્યો, 'ત્યાં અમારું અપમાન થશે. અમે બહિષ્કૃત છીએ. જ્યાં અમારું અપમાન થવાનું નક્કી હોય ત્યાં શા માટે જવું જોઈએ?'

'આપણે જ્યાં ઇચ્છીએ ત્યાં જવા, જે બનવું હોય તે બનવા મુક્ત છીએ.' જોનાથને જવાબ આપ્યો અને તે રેતી પરથી ઊંચો ઊડી પૂર્વ તરફ વળ્યો. એ દિશા તેના ઘરની દિશા હતી, તેના સમાજની દિશા હતી.

શિષ્યવૃંદમાં ધીમી ચણભણ શરૂ થઈ. તેમના સમાજમાં નિયમ હતો કે એક વાર જે બહિષ્કૃત થાય તે સમાજમાં પાછું ન જાય. છેલ્લાં દસ હજાર વર્ષમાં આ નિયમ કદી તૂટ્યો ન હતો. એ નિયમ કહેતો હતો, 'ન જવાય.' અને જોનાથન કહેતો હતો, 'જવાનો સમય

આવી ગયો છે.' અને તે તો એ દિશામાં ઊડવા પણ લાગ્યો હતો. ખાસ્સો દૂર નીકળી ગયો હતો. જો હજી વધારે વાર લાગી, તો ભયાનક ક્રૂર ટોળાની સામે જોનાથન એકલો પડી જવાનો.

'જો આપણે સમાજનો ભાગ નથી જ રહ્યા, તો સમાજના નિયમોની પણ આપણે પરવા શું કામ કરવી?' ફ્લેચરે ધીરેથી લગભગ મનમાં જ કહ્યું.

'ઉપરાંત, કદાચ લડાઈ થાય તો આપણે અહીં હોઈએ એના કરતાં ત્યાં હોઈએ તો વધારે સારું.'

અને બીજી સવારે પશ્ચિમ કિનારેથી તેઓ ઊપડ્યા. આઠ પક્ષીઓએ એકમેકની પાંખોના છેડા લગભગ અડી જાય તે રીતે પાસાદાર હીરાના આકારમાં એક સાથે ઊડવાનું શરૂ કર્યું. કલાકના એકસો પાંત્રીસ માઈલની ઝડપે જોનાથનના નેતૃત્વમાં તેઓ તેમના વતનમાં આવી પહોંચ્યા. જોનાથનની જમણી પાંખ પાસે ફ્લેચર આરામથી સરકતો હતો, હેનરી કેલ્વિન પરિશ્રમપૂર્વક તેની ડાબી પાંખ પાસે ઊડતો આવતો હતો. આખી હરોળ ઊભો વળાંક લઈ અત્યંત આસાનીથી કિનારાની રેતી પર ઊતરી આવી. તેમની પાંખો પર ધીમોધીમો પવન વાતો હતો.

આ પંખીઓને ઊતરતાં જોઈ ટોળાંની કિલકારીઓ અને ઝઘડા એકદમ શમી ગયાં. આઠ હજાર આંખો એકીટશે તેમને જોઈ રહી. એક પછી એક આઠે પક્ષીઓએ પોતાનું શરીર હવામાં અધ્ધર કરી ઊભા ચોગડાની આકૃતિ રચી, પાંખો એકદમ સંકેલી વેગપૂર્વક રેતી પર ઊતરી આવ્યાં અને પછી જાણે એ રોજની ઘટના હોય, તાલીમનો ભાગ હોય તેમ જોનાથને શરૂ કર્યું:

'પહેલું તો મારે એ કહેવું છે...' જોનાથનના ચહેરા પર સ્મિત હતું, 'કે અમારી સામે જોડાવામાં તમે થોડા મોડા પડ્યા છો...'

ટોળું વીજળી પડી હોય તેમ સ્તબ્ધ ઊભું હતું. આ તો પેલા બહિષ્કૃત પંખીઓ – તેઓ પાછાં ક્યાંથી આવ્યાં? આ... આ કેવી રીતે બની શકે? ટોળામાં હિલચાલ શરૂ થઈ. જાણે ફ્લેચરની આગાહી સાચી પડવાના અણસાર વર્તાયાં.

'તેઓ બહિષ્કૃત છે તે તો બરાબર.' થોડાં યુવાન પંખીઓ બોલ્યાં, 'પણ તેઓ ઊડવાની આવી અદ્‌ભુત કળા ક્યાંથી શીખ્યાં?'

સભાપતિની વાત સૌને પહોંચે એમાં એક કલાક વીતી ગયો. એમનું કહેવું હતું, 'એ લોકોની વાત નહીં સાંભળવાની.' જે પંખી બહિષ્કૃતોની સાથે વાત કરશે તેને પણ બહિષ્કૃત કરવામાં આવશે. જે પંખી તેમની વાતો સાંભળશે તેને સમાજના નિયમનો ભંગ કરવા બદલ સજા થશે.'

બીજી જ ક્ષણે પંખીઓએ જોનાથન તરફ પીઠ ફેરવી. જોનાથને તે તરફ ધ્યાન ન આપ્યું. તેણે સભાની સામે પોતાના ઊડવાના પ્રયોગો શરૂ કર્યા અને પોતાના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા સંપૂર્ણપણે પ્રગટ કરવા ઉત્તેજિત કર્યા.

આકાશમાંથી જ તેણે બૂમ પાડી, 'સાગરપંખી માર્ટિન, તું કહે છે કે તને ધીમી ગતિનું ઉડ્ડયન આવડે છે. બતાવ, તું બતાવીશ નહીં ત્યાં સુધી સાબિત કેવી રીતે થશે?'

અત્યાર સુધી ચૂપચાપ બેસી રહેલું નાનું માર્ટિન વિલિયમ સાગરપંખી આગળ આવ્યું. જોનાથને પોતાના તરફ ધ્યાન આપ્યું! આશ્ચર્યમાં ગરકાવ માર્ટિને જાદુગરની જેમ ધીમી ગતિનું કૌશલ્ય બતાવવા માંડ્યું. હવાની એક હળવી લહેરની જેમ, એક પીંછું પણ

ફફડાવ્યા વિના પોતાનું શરીર રેતી પરથી ઊંચકી તે વાદળોમાં ગુમ થઈ ગયું અને થોડી વારે એવી જ હળવાશથી રેતી પર પાછું ઊતરી આવ્યું.


એ જ રીતે સાગરપંખી ચાર્લ્સ રોનાલ્ડ ભવ્ય વાયુપર્વત પર ચોવીસ હજાર ફૂટ ઊંચે ઊડી, ત્યાંની ઠંડી પાતળી હવામાં થઈ પાછો આવ્યો. તેનું શરીર ભૂરું પડી ગયું હતું, પણ તેનું મન અત્યંત પ્રફુલ્લિત હતું. આનાથી પણ વધારે ઊંચે ઊડવાનો નિશ્ચય તેણે કરી લીધો હતો.

સાગરપંખી ફ્લેચર હવામાં અંગકસરતના દાવ કરવામાં પ્રવીણ હતો. તેને એ સિવાય કશુ ગમતું જ નહીં. સોળ અંશની ઘુમરીઓ ખાતાં તેણે હવામાં સીધી ડૂબકી મારી બતાવી અને બીજે દિવસે તો તેનાથી પણ અઘરી એવી પોતાની ધરીની આસપાસ ઘૂમતી ઘૂમરીઓ લઈ તેણે હવામાં ડૂબકી લગાવી. અનેક આંખો ચોરીછૂપીથી ફ્લેચરની પાંખો પર પ્રતિબિંબિત થતા સૂર્યપ્રકાશને લાલસાથી જોઈ રહી હતી.

શિષ્યો અભ્યાસ કરતા હોય ત્યારે જોનાથન હંમેશાં હાજર રહેતો. દરેક શિષ્ય પર તેનું બરાબર ધ્યાન રહેતું. ક્યારેક તે તેનો પ્રયોગ કરી બતાવતો, ક્યારેક સૂચનો આપતો, ક્યારેક પ્રોત્સાહન આપતો તો ક્યારેક માર્ગદર્શન આપતો. રાતના અંધકાર, ગાઢ વાદળાં અને ગર્જતાં તોફાનોની વચ્ચે તે શિષ્યોની સાથોસાથ ઊડતો, એ બધાંની વચ્ચે સિદ્ધિની મસ્તી અનુભવતાં તેઓ બધાં ઊડતાં અને ધરતી પરથી તેમનો સમુદાય કંઈક અસહાયતાપૂર્વક, વ્યથાપૂર્ણ નજરે તેમને જોઈ રહેતો.

ઊડવાના પ્રયોગો પૂરા થાય એટલે વિદ્યાર્થીઓ રેતીના પટ પર આરામ કરતા. એ વખતે જોનાથન તેમની સાથે વાતો કરતો. જોનાથનના અજબ વિચારો તેમને ખાસ સમજાતા નહીં, પણ તેમાંથી કંઈક સારું ઉપયોગી તેમને મળી જતું ખરું.

ધીરેધીરે રાત પડ્યે વિદ્યાર્થીઓના વર્તુળની આસપાસ બીજું એક વર્તુળ જમા થવા લાગ્યું. આ વર્તુળ રચનાર હતા સાગરપંખીઓના સમાજના કુતૂહલભર્યા યુવાન પંખીઓ. જોકે તેઓ એકબીજાની નજરે પડવા નહોતા માગતા એટલે ક્યાંક છુંપાઈ રહેવાની જગ્યા શોધી બેસી જતા અને જોનાથનને છેલ્લે સુધી સાંભળ્યા કરતા. જોનાથન બોલવાનું પૂરું કરે એ પછી તેમનું વિચારવાનું ચાલુ થતું – છેક વહેલી સવાર સુધી તેમની આ વિચારમગ્ન અવસ્થા લાંબા ધ્યાનની જેમ અતૂટ રહેતી.



પાછા ફર્યાને એક મહિનો થયો હતો. એ દિવસે પહેલી વાર સમાજનું એક પંખી હદ પાર કરીને જોનાથન પાસે આવ્યું અને પોતાને ઉડ્ડયન શીખવવા વિનંતી કરી. આ

દુ:સાહસ હતું અને એ બદલ સાગરપંખી ટેરેન્સ લૉવેલને બહિષ્કૃત કરવામાં આવ્યો. એ જોનાથનનો આઠમો શિષ્ય બન્યો.

ત્યાર પછીની રાત્રે સાગરપંખી કર્ક મૈનાર્ડે લથડતી ચાલે, પોતાની તૂટી ગયેલી ડાબી પાંખને રેતીમાં ઘસડતાં, જોનાથનના પગમાં આવીને પડતું મૂક્યું, 'મને મદદ કરો.' મરણપથારી પરથી બોલતો હોય એટલા ધીમા અવાજથી તે બોલતો હતો, 'જીવનમાં મને બીજું કંઈ જ જોઈતું નથી. મને બસ ઊડતાં શીખવું છે.'

'તો પછી આવી જા.' જોનાથને કહ્યું, 'મારી જોડાજોડ ધરતી પરથી ઊંચે ઊડ. ચાલ, શરૂ કરીએ, અત્યારે જ.'

'તમે સમજતા નથી. મારી આ પાંખ... હું તેને હલાવી પણ શકતો નથી.'

'સાગરપંખી મૈનાર્ડ, તું જે બનવા માગે તે બનવા તું મુક્ત છે. તારું સાચું અસ્તિત્વ આ સ્થળે, આ ક્ષણે તું જે અનુભવે છે તે છે. તારા માર્ગમાં કોઈ અવરોધ ન હોઈ શકે. મહાન સાગરપંખીનો આ નિયમ છે, શાશ્વત નિયમ.'

'તમારું કહેવું એમ છે કે હું ઊડી શકું?'

'હું કહું છું કે તું સ્વતંત્ર છે, મુક્ત છે.'

સાગરપંખી કર્ક મૈનાર્ડે સાવ સરળતાથી અને ત્વરાથી પોતાની પાંખો ફેલાવી અને સહજપણે પોતાની જાતને રાતની ઘનઘેરી હવામાં ઊંચકી લીધી. તેની ઉલ્લાસભરી કિલકારીઓથી પક્ષીઓ ભરનીંદરમાંથી જાગી ઊઠ્યાં. પાંચસો ફૂટની ઊંચાઈ પરથી તેનો ગગનભેદી અવાજ ગાજ્યો હતો, 'હું ઊડી શકું છું! સાંભળો! **હું ઊડી શકું છું.** '

સૂર્યોદય થતામાં તો લગભગ હજારેક પંખીઓનું ટોળું વિદ્યાર્થીઓના વર્તુળની આસપાસ મૈનાર્ડને વિસ્મયપૂર્વક જોતું જમા થઈ ગયું. એ બધાંને હવે કોઈ જોઈ જાય તેની પરવા રહી નહોતી. તેમનું ધ્યાન જોનાથનના મોંમાંથી સરતા શબ્દો સાંભળવા અને સમજવામાં હતું.

જોનાથન બહુ સાદી વાતો કરતો હતો, જેમ કે ઊડવું એ સાગરપંખીનો અધિકાર છે, મુક્તિ એ અસ્તિત્વનો સ્વભાવ છે. એ મુક્તિની આડે આવનાર દરેક ચીજને બાજુ પર રાખી દેવી જોઈએ – પછી તે ભ્રમણા હોય, પરંપરા હોય કે બીજી કોઈ મર્યાદા હોય.

'બાજુ પર રાખી દેવી જોઈએ?' સમૂહમાંથી એક અવાજ ઊઠ્યો, 'સમાજના કાયદાની વાત હોય તો પણ?'

'સાચો કાયદો એ જ કે જે સ્વતંત્રતા તરફ લઈ જાય!' જોનાથને શાંતિથી કહ્યું, 'એ એક જ કાયદો સાચો છે, બીજો કોઈ નહીં.'

બીજો અવાજ આવ્યો, 'તમે ઊડો છો તેમ અમે પણ ઊડી શકીએ એવું તમે કઈ રીતે માની શકો? તમે પ્રતિભાશાળી છો, દિવ્ય છો, બીજાં બધાં પંખીઓથી ઉચ્ચ છો.'

'જુઓ આ ફ્લેચરને. જુઓ લૉવેલને, ચાર્લ્સ રૉલાન્ડને, જ્યુડી લીને. શું એ બધા પણ ભવ્ય, દિવ્ય અને પ્રતિભાશાળી છે? ના. તેમાંના કોઈ તમારાથી ઊંચા નથી, મારાથી ઊંચા નથી. ફરક ફક્ત એટલો જ છે કે તેમને હવે તેઓનું મૂળ સ્વરૂપ શું છે તે સમજાઈ ગયું છે અને તે સ્વરૂપને પામવા તેઓ અભ્યાસ કરી રહ્યા છે.'

ફ્લેચર સિવાયના બીજા બધા શિષ્યો આ સાંભળી અસ્વસ્થ બની ગયા અને આમતેમ જોવા લાગ્યા. તેમને ખ્યાલ સુધ્ધાં નહોતો કે જોનાથન કહે છે તેવું કશું તેઓ કરતા હોય.

ટોળું દિનપ્રતિદિન વધતું ગયું. તેમાંના કોઈ કુતૂહલથી, કોઈ ભક્તિભાવથી તો કોઈ તુચ્છકારથી પ્રેરાઈને આવતા હતા.

એક સવારે તેજ ગતિના અભ્યાસ પછી ફ્લેચરે જોનાથનને કહ્યું, ‘જમાતમાં એવું કહેવાય છે કે કાં તો તમે મહાન સાગરપંખીના પુત્ર છો કે પછી તમે અમારા સમય કરતાં એક હજાર વર્ષ આગળ છો.’

જોનાથને નિઃશ્વાસ નાખ્યો: ફરી પાછું ગેરસમજનો ભોગ થવાનું આવ્યું. કાં તો લોકો તમને શેતાન માને છે, અથવા તમને ઈશ્વર.

તેણે કહ્યું, ‘તું શું માને છે તે કહે ફ્લેચર. શું આપણે આપણા સમયથી આગળ છીએ?’

લાંબો સમય શાંત રહીને પછી ફ્લેચર બોલ્યો.

‘આપણે જેવું ઊડીએ છીએ તેવું ઊડતાં બધાં જ શીખી શકે. ફક્ત તેને માટેની ઝંખના જોઈએ, તરસ જોઈએ. તેને સમય સાથે કોઈ લેવાદેવા નથી. કદાચ આપણે પ્રચલિત પરંપરાથી આગળ છીએ. આપણે મોટા ભાગના સાગરપંખી ઊડે છે તે કરતાં આગળ ઊડી રહ્યા છીએ.’

ઘૂમરી ખાઈને ઊંધી ડૂબકી મારતાં જોનાથન બોલ્યો, ‘હા, એમ જ છે. પોતાના સમયથી આગળ હોવા કરતાં આ વર્ણન વધારે અર્થપૂર્ણ છે.’

અઠવાડિયા પછી ફ્લેચર નવા વિદ્યાર્થીઓને ઝડપી ગતિના પાઠ શીખવતો હતો. એણે પોતાના શરીરને સાત હજાર ફૂટની ઊંચાઈ પર હજી હમણાં જ ઊંચક્યું હતું અને લાંબી ભૂખરી રેખા દોરતો, એટલી ઊંચાઈ પરથી ડૂબકી લગાવી કાંઠાને સમાંતર થોડા ઈંચની ઊંચાઈએ તે ઊડતો હતો. તેવામાં એક નાનકડું પંખી પ્રથમ વાર ઊડતાં શીખ્યું હોય તેમ ‘મા-મા’ કરતું એની બાજુમાંથી પસાર થયું. તેની સાથે અથડાઈ ન પડાય તે માટે ફ્લેચરે ડાબી તરફ એકદમ તીવ્ર વળાંક લીધો અને કલાકના બસો માઈલની ઝડપે તે નક્કર ગ્રેનાઇટના ખડક પર પછડાયો. એક પલકારામાં આ બધું બની ગયું.

પછડાટ વાગતાં જ તે જાણે કોઈ બીજી દુનિયામાં ચાલી ગયો. આઘાત અને ભયના વિસ્ફોટથી, અચાનક ઊતરી આવેલા અંધકાર વચ્ચે તે કોઈ અવનવા આકાશમાં ગોથાં ખાતો, સ્મૃતિ-વિસ્મૃતિના બે કિનારા વચ્ચે અથડાવા લાગ્યો. ભયભીત, ઉદાસ અને દુ:ખી, અત્યંત દુ:ખી.



અંધકાર અને પ્રકાશ વચ્ચે તે હિલોળા ખાતો હતો ત્યાં જ તેને એ અવાજ સંભળાયો. જોનાથન લિવિંગ્સ્ટનને પહેલી વાર તેણે જોયો ત્યારે સંભળાયો હતો તેવો અવાજ–

‘ફ્લેચર, આપણી સીમાઓને ક્રમશ: અને ધીરજપૂર્વક ઓળંગતા જવું એ જ સાચી રીત છે. ખડકને વીંધીને ઊડવાના આપણા પ્રયોગને હજી થોડી વાર નથી?’

‘જોનાથન!’

‘જેને મહાન સાગરપંખીનો પુત્ર કહે છે.’ જોનાથન સપાટ અવાજે બોલ્યો.

‘તમે... તમે... અહીં કેવી રીતે? આ ખડક... ઓહ, હું શું મૃત્યુ પામ્યો નથી?’




‘ઓહ, ફ્લેચર, જાગ, વિચાર. અત્યારે તું મારી સાથે વાત કરી રહ્યો છે તેનો અર્થ એ જ છે કે તું મૃત્યુ નથી પામ્યો. તેં જે કર્યું તે ચેતનાના એક સ્તર પરથી બીજા સ્તર પર

જવાની કોશિશ હતી. તે અંધાધૂંધ રીતે થઈ એટલું જ. હવે તારે નક્કી કરવાનું છે – તેં જે છોડ્યું છે તેના કરતાં આ વધુ ઊંચું સ્તર છે. તું અહીં રહી આ સ્તર પર વધુ અભ્યાસ કરી શકે છે અથવા તો તું પાછો જઈ સમાજમાં કામ કરી શકે છે. ટોળાના વયોવૃદ્ધોને આ જોખમી લાગતું હતું. તેં એમને માટે જે કર્યું તેનાથી તેઓ વિસ્મિત પણ છે.'

'મારે પાછા જવું છે, ટોળા સાથે રહીને કામ કરવું છે. હજુ હમણાં જ તો મેં નવા શિષ્યોની તાલીમ શરૂ કરી છે.'

'સરસ, ફ્લેચર, બહુ સરસ. યાદ રાખજે કે આપણે જેને શરીર કહીએ છીએ તે એક વિચાર સિવાય બીજું કશું નથી.'

ટોળાથી ઘેરાયેલા ફ્લેચરે માથું ધુણાવ્યું, પાંખો ફેલાવી અને આંખો ખોલી ત્યારે તે ખડકને તળિયે હતો. તેને હાલતો જોઈ ટોળામાંથી હર્ષનાદનું મોજું ઊઠ્યું.





'તે જીવતો છે! તે મરી ગયો હતો, પણ હવે જીવતો છે!'

'મહાન સાગરપંખીના પુત્રે તેને પોતાની પાંખોના છેડાનો સ્પર્શ કર્યો અને તેનો પ્રાણ પાછો આવ્યો.'

'ના. એ પોતે જ એ વાતનો ઇનકાર કરે છે. એ તો શેતાન છે. ટોળામાં ભંગાણ પડાવવા આવ્યો છે.'

ચાર હજાર ભયભીત પંખીઓનાં ટોળાં વચ્ચેથી શેતાન શબ્દનો સુસવાટો પસાર થઈ ગયો. તેમની આંખોમાં ઉગ્રતા આવી. તીક્ષ્ણ ચાંચથી ફ્લેચરને ખલાસ કરી નાખવા તેઓ નજીક આવ્યા.

જોનાથને પૂછ્યું, 'પાછા જતા રહેવું છે, ફ્લેચર?'

'જરૂર. એમ જ કરીએ.'

બીજી ક્ષણે તેઓ બંને અડધા માઈલના અંતરે જોડાજોડ ઊભા હતા. તીણી ચમકતી ચાંચો ટોળાની ખાલી હવા સાથે અથડાઈ.

જોનાથન મૂંઝવણમાં હતો, 'આ આવું કેમ છે? શા માટે પક્ષીઓને એ સમજાતું જ નથી કે તેઓ મુક્ત છે? શા માટે પોતાની સ્વતંત્રતા પુરવાર કરવા તેઓ થોડો અમસ્તો અભ્યાસ પણ કરતા નથી? બધું આટલું અટપટું શા માટે છે?'

ફ્લેચર હજુ બદલાયેલા દૃશ્યની અસરમાં હતો, 'તમે આ શું કર્યું? આપણે કેવી રીતે અહીં છીએ?'

'તેં કહ્યું ને કે આપણે ટોળામાંથી બહાર જતા રહીએ?'

'હા, પણ તમે કેવી રીતે...'

'અભ્યાસ, ફ્લેચર. બીજા બધાની જેમ આનો પણ અભ્યાસ.'

સવાર પડતાં ટોળું તો બધું ભૂલી ગયું, પણ ફ્લેચરને બધું જ યાદ હતું, 'જોનાથન, તમે ઘણા વખત પહેલાં જે વાત કહેલી તે યાદ છે – ટોળાને માટે ખૂબ પ્રેમ હોવાની વાત, તેમની વચ્ચે પાછા ફરવાને તેમને શીખવવાની વાત?'

'હા, યાદ છે.'

'મને એ સમજાતું નથી કે જે ટોળું તમારી હત્યા કરવા ધસી આવ્યું હોય તેને તમે ચાહી કેવી રીતે શકો?'

'ઓહ, ફ્લેચર, એ રીતે ચાહવાની વાત નથી. ધિક્કાર કે દુષ્ટતાને ચાહી ન શકાય તે

બરાબર છે, પણ અભ્યાસ કરવો, સાચા સાગરપંખીને શોધી કાઢવું, દરેકમાં રહેલા શુભ તત્ત્વને જોવું અને તેમને પોતાનું સાચું સ્વરૂપ જોતાં શીખવવું – મારા માટે પ્રેમનો અર્થ આ છે. એક વાર આ આવડી જાય, પછી તેમાં મજા પણ આવે છે.'

'મને યાદ આવે છે એ નાનકડો ફ્લેચર લિન્ડ, જેને બહિષ્કૃત કરવામાં આવ્યો હતો, જે ટોળા સામે લડવા ને ખપી જવા તત્પર હતો, જેણે દૂરના ખડકો પર પોતાનું નરક રચ્યું હતું. આજે એ જ ફ્લેચર લિન્ડે પોતાના એક સ્વર્ગનું નિર્માણ કર્યું છે અને પોતાના સમાજને એ સ્વર્ગ તરફ દોરી રહ્યો છે.'

ફ્લેચર પોતાના ગુરુ તરફ ફર્યો. તેની આંખોમાં ભયની એક ક્ષણ તરવરી ઊઠી, 'હું દોરી રહ્યો છું? તમે આ શું કહ્યું? હું દોરી રહ્યો છું? દોરનાર તો તમે છો. તમે એમ જઈ ન શકો.'

'જઈ ન શકું? તને એ વિચાર નથી આવતો કે બીજાં ટોળાં પણ છે, બીજા ફ્લેચર પણ છે જેને આ ટોળાં અને આ ફ્લેચર કરતાં મારી વધારે જરૂર છે? તેઓ પણ પ્રકાશના એક કિરણની શોધમાં નહીં હોય?'

'પણ હું – જોન, હું તો એક સામાન્ય સાગરપંખી છું અને તમે...'

'...મહાન સાગરપંખીનો એકમાત્ર પુત્ર, એમ?' જોનાથને નિશ્વાસ નાખ્યો અને દરિયા તરફ જોયા કર્યું.

'તને હવે મારી જરૂર નથી રહી. તારે હવે ફક્ત પોતાની જાતને શોધવાનો માર્ગ પકડી રાખવાનો છે. રોજેરોજ એ અસીમ, અસલી ફ્લેચર સાગરપંખીની શોધની દિશામાં થોડું આગળ વધવાનું છે. એ જ ફ્લેચર તારો ગુરુ છે – તેની વાત સમજ અને અભ્યાસ કર.'

બીજી ક્ષણે જોનાથનનું શરીર હવામાં તરતું હતું. તેની ચમક વધતી ગઈ અને તે પારદર્શક થવા લાગ્યું: 'મારા વિશે મૂર્ખ અફવાઓ ફેલાવા ન દેતો. મને ઈશ્વર પણ ન બનાવતો. હું એક સાગરપંખી માત્ર છું, ફ્લેચર. મને ઊડવું ગમે છે, બસ.'

'જોનાથન!' ફ્લેચરે બૂમ પાડી.

'ફ્લેચ, મારા પ્રિય ફ્લેચ, તારી આંખો જે કહે છે તેને સાચું માનીશ નહીં. આંખો જે જુએ છે. તેને એક સીમા હોય છે. આંખ વડે નહીં, સમજ વડે જો, મન વડે જો. જે તું જાણે જ છે તેને શોધી કાઢ અને તને ઊડવાનો માર્ગ મળી જશે.'

ચમક અદૃશ્ય બની. જોનાથન સાગરપંખી ખાલી હવામાં અદૃશ્ય થઈ ગયો.

સમય વીતતો ગયો. એક દિવસ અનિચ્છા છતાં આકાશમાં ઊડ્યો અને હમણાં જોડાયેલા ઉડ્ડયનનો પહેલો પાઠ શીખવા તત્પર નવા વિદ્યાર્થીઓની સન્મુખ થયો.

ભારે અવાજે તેણે કહ્યું, 'સૌથી પહેલાં એ સમજી લો કે સાગરપંખી એ બીજું કંઈ નથી, અમર્યાદ મુક્તિનો વિચાર છે. મહાન સાગરપંખીનો અંશ છે અને તમારું આખું શરીર પાંખના આ છેડાથી બીજા છેડા સુધી એક વિચાર સિવાય બીજું કશું નથી...'

નવા વિદ્યાર્થીઓ આંખોમાં સવાલ લઈ તેની તરફ તાકી રહ્યા, એ શી વાત? તેમને થયું, આ કાંઈ ઊંધા ચોગડાની ડૂબકી મારવાના કોઈ નિયમ હોય તેવું તો નથી લાગતું.

ફ્લેચરે નિશ્વાસ નાખી બોલવાનું ચાલુ રાખ્યું: 'હં... આહ... બરાબર.' એ પંખીટોળાને જોઈ રહ્યો.

'સમાંતર ઉડ્ડયનથી શરૂઆત કરીએ.' આ શબ્દો કહેતાં કહેતાં તેના મનમાં અજવાળું

પથરાયું. ક્ષણભરમાં તે સમજી ગયો કે તેનો મિત્ર જોનાથન તેના પોતાના કરતાં વધારે મહાન ન હતો.

કોઈ સીમા નથી, જોનાથન? તેણે વિચાર્યું. તો પછી એ દિવસ દૂર નથી જ્યારે હું તારા સમુદ્રતટ પરની હવામાં અચાનક દેખાઉં અને તને ઊડવાના નવા બે-ત્રણ પ્રયોગ બતાવું!

અને પોતાના વિદ્યાર્થીઓ તરફ કડક થવાનો દેખાવ કરતાં ફ્લેચર સાગરપંખીએ અચાનક જોયું કે તે બધા પોતે સાચે જ જેવા છે તેવા જ દેખાય છે. તેને એ ગમ્યું ને ક્ષણભરમાં તે તેમને ચાહવા લાગ્યો.

કોઈ સીમા નથી, ખરું ને, જોનાથન? તેણે વિચાર્યું અને સ્મિત વેર્યું.

તેની શીખવાની સ્પર્ધા શરૂ થઈ ચૂકી હતી.





સર્જક વિશે

રિચર્ડ બાકે ‘ઇલ્યુઝન્સ’, ‘વન’ અને ‘ધ બ્રિજ અક્રોસ ફોરઍવર’ જેવાં ૧૮ પુસ્તકો લખ્યાં છે. તેઓ USAF ના હવાઈદળના પાઇલોટ હતા. વિમાનની દરેક કળના જાણકાર અને નખશિખ જિપ્સી રિચર્ડ બાક ઉત્તરપશ્ચિમ આકાશમાં દરિયાઈ વિમાનો ઉડાડતા ફરે છે. જોનાથન લિવિંગસ્ટન સીગલ (સાગરપંખી) તેમનું સર્વશ્રેષ્ઠ સર્જન ગણાય છે. તેમની વેબસાઇટ છે: www.richardbach.com

તસવીરકાર વિશે

રસેલ મુનસન નાના હતા ત્યારથી તેમને વિમાનની તસવીરો ખેંચવી ગમતી. ઉડ્ડયન અને ફોટોગ્રાફી – આ બંને તેમના જીવનમાં વણાઈ ગયા હતા. ટૉલ યુનિવર્સિટીમાં ગ્રૅજ્યુએટ થયા પછી તેઓ એન્ડેવરમાં ફિલિપ અકાદમીમાં ફોટોગ્રાફી શીખવતા. છેલ્લાં થોડા વર્ષોથી તેઓ પોતાનો સ્ટુડિયો ચલાવે છે અને અગ્રણી સામયિકો માટે તસવીરો ખેંચે છે. ‘પાઇપર સુપર ક્લબ’ના તેઓ મુખ્ય માલિક છે. તેમાંથી થોડી તસવીરો તેમણે આ પુસ્તકમાં મૂકી છે. તેમની વેબસાઇટ છે: www.russellmunson.com